નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ I Date :20 APRIL 2024 I SATURDAY I Page : 20 I Year : 2 I Issue : 18 I Price: 2/-



બુથના કાર્યકર્તાથી સાંસદ બનવાનું બહુમાન મને આ મત વિસ્તારના નાગરિકોએ આપ્યું છે: અમિત શાહ

જુઓ પેજ નં.03

# ત્રિપુરામાં સૌથી વધુ ૭૯.૯૦, પશ્ચિમ બંગાળમાં ૭૭.૫૭, પુડુચેરીમાં ૭૩.૨૫ ટકા મતદાન

## સૌથી ઓછું બિહારમાં ૪૭.૪૯ ટકા, રાજસ્થાનમાં ૫૦.૯૫ ટકા, ઉત્તરાખંડમાં ૫૩.૬૨ ટકા મતદાન



દુનિયાના સૌથી મોટા લોકતંત્ર ભારતમાં શુક્રવારે લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં એકંદરે ૬૨ ટકાથી વધુ મતદાન થયું હતું. જોકે, મતદાનની ટકાવારી હજુ વધવાની સંભાવના છે. ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકોને આવરી લેતા મતદાનમાં પશ્ચિમ બંગાળ અને મણિપુર સિવાય એકંદરે શાંતિપૂર્ણ મતદાન થયું હતું. પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં મતદાન શરૂ થતા જ તૃણમૂલ કોંગ્રેસ અને ભાજપ વચ્ચે હિંસા થઈ હતી. બીજીબાજુ મણિપુરના મોઈરાંગના થમનકોપીમાં ગોળીબાર થયો હતો. આ ગોળીબારમાં કોઈને ઈજા થઈ નહોતી, પરંતુ મતદારો ભાગી ગયા હતા અને તેનો વીડિયો વાયરલ થયો છે. છત્તીસગઢના બસ્તરમાં ગ્રેનેડ લોન્ચર શેલનો અકસ્માતે વિસ્ફોટ થતાં સીઆરપીએફના એક જવાનનું મોત થયું હતું.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે સાત તબક્કામાં યોજાનારી લોકસભા ચૂંટણીના પહેલા અને સૌથી મોટા તબક્કાનું મતદાન એકંદરે શાંતિપૂર્ણ રહ્યું હતું. દેશના ૨૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર ૬૨.૩૭ ટકા મતદાન થયું હતું. જોકે, ૨૦૧૯ની લોકસભા ચૂંટણીની સરખામણીમાં એકંદરે ૭ ટકા ઓછું મતદાન થયું હોવાના અહેવાલ છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં ૬૯ ટકા મતદાન થયું હતું. આ સાથે શુક્રવારે તમિલનાડુ અને પૂર્વોત્તરના રાજ્યો સાથે કુલ ૧૦ રાજ્યોમાં એક જ તબક્કામાં મતદાન પૂરું થઈ ગયું છે. લોકસભા ચૂંટણીના આગામી તબક્કાઓમાં હવે એકસાથે આટલી બેઠકો પર મતદાન નહીં થાય. લોકસભાની સાથે અરૂણાચલ પ્રદેશ અને સિક્કિમમાં વિધાનસભાની બધી જ બેઠકો પર પણ મતદાન થયું હતું.

દેશમાં શુક્રવારે ૨૧ રાજ્યોમાં સૌથી વધુ મતદાન ત્રિપુરામાં ૭૯.૯૦ ટકા નોંધાયું હતું. ત્યાર પછી હિંસાગ્રસ્ત પશ્ચિમ બંગાળમાં ૭૭.૫૭ ટકા, પુડુચેરીમાં ૭૩.૨૫ ટકા, અસમમાં ૭૧.૩૮ ટકા અને મેઘાલયમાં ૭૦.૨૬ ટકા મતદાન થયું હતું. આ સિવાય સૌથી ઓછું મતદાન થયું હોય તેવા રાજ્યોમાં બિહાર (૪૭.૪૯ ટકા), રાજસ્થાન (૫૦.૯૫ ટકા), ઉત્તરાખંડ (૫૩.૬૨ ટકા), મિઝોરમ (૫૪ ટકા) અને મહારાષ્ટ્ર (૫૫ ટકા)નો સમાવેશ થાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ૪૦૦થી વધુ બેઠકો જીતવાના આશયથી ચૂંટણી મેદાનમાં ઉતરેલા ભાજપને તમિલનાડુમાં બેઠકો જીતવાની આશા છે ત્યારે શુક્રવારે તમિલનાડુમાં ૬૨.૧૯ ટકા જેટલું મતદાન થયું હતું. પીએમ મોદીએ આ વખતે તમિલનાડુમાં અનેક સભાઓ કરીને દક્ષિણના રાજ્યોમાં વધુ બેઠકો જીતવા પર ભાર મૂક્યો છે. તમિલનાડુમાં બધી જ ૩૯ બેઠકો પર મતદાન થયું છે.

પંચે ઊમેર્યું કે, અનેક જગ્યાઓ પર કાળઝાળ ગરમી હોવા છતાં મતદારો મતદાન કરવા આગળ આવ્યા હતા જ્યારે કેટલાક મતદાન મથકો પર વહેલી સવારે ૫.૦૦ વાગ્યાથી જ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે લાઈન લગાવવાનું શરૂ કરી દીધું હતું. સમગ્ર દેશમાં એકંદરે સાંજે ૬.૦૦ વાગ્યે મતદાન પૂરું થઈ જતું હોય છે ત્યારે મતદાન કેન્દ્રોમાં હાજર મતદારોનું મતદાન બાકી હોવાથી એકંદરે સાંજે ૭.૦૦ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલુ રહી હતી.

ચૂંટણી પંચે ઉમેર્યું હતું કે, શુક્રવારે મતદાનમાં પહેલી વખત મત આપનારા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. અનેક નવદંપતી લગ્ન મંડપમાંથી જ તેમના પરંપરાગત વસ્ત્રોમાં સીધા જ મત આપવા મતદાન કેન્દ્રમાં પહોંચ્યા હતા. શારીરિક દિવ્યાંગ અને વૃદ્ધો પણ સ્ટ્રેચર્સ અને વ્હિલચેર્સમાં મતદાન કરવા આવ્યા હતા. પંચે ઉમેર્યું કે, તમિલનાડુ, અરૂણાચલ પ્રદેશ, અંદામાન અને નિકોબાર ટાપુઓ તથા અસમમાં ઈવીએમમાં સામાન્ય ખામીના અહેવાલો આવ્યા હતા.

# મણિપુરમાં મતદાન સમયે ફાયરિંગ, પોલિંગ બૂથમાં નાસભાગ

દેશમાં આજે લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર યોજાયેલ મતદાન પૂર્ણ થયું છે. આ દરમિયાન ઉત્તર પૂર્વ મણિપુરના મોઈરાંગમાં મતદાન વચ્ચે ફાયરિંગ (ઙ્ઞહહશક્ષલ ઈંઙ્ઞઙ્ઞવિં ત્ર્શ્રાશિક્ષલ) થયાની અને ઊટખમાં તોડફોડ થવાની ઘટના બની છે. અહીં મોઈરાંગ વિધાનસભા ક્ષેત્રના થમનપોકપીમાં એક મતદાન કેન્દ્ર પાસે બબાલની ઘટના બન્યા બાદ ભારે પોલીસ બંદોબસ્ત ખડકી દેવાયો છે.



એવું કહેવાય છે કે, મતદાન કેન્દ્ર પર ગોળીબારની ઘટના બાદ ભારે અફરાતફરી મચી હતી અને મતદારો ત્યાંથી ભાગતા જોવા મળ્યા હતા. જોકે રાહતની વાત એ છે કે, ફાયરિંગમાં કોઈને પણ ઈજા થઈ નથી. હાલ આ ઘટનાનો એક વીડિયો પણ વાયરલ થઈ રહ્યો છે, જેમાં મતદારો ભાગતા જોવા મળી રહ્યા છે.

આ પહેલા પૂર્વ ઈમ્ફાલના ખોંગમાનના એક મતદાન કેન્દ્રમાં ઘૂસણખોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મળતા અહેવાલો મુજબ હથિયારધારી બદમાશો મતદાન કેન્દ્રમાં ઘૂસી આવ્યા હતા અને ઈવીએમમાં તોડફોડ કરી હતી. એટલું જ નહીં બદમાશોએ હુમલો કરતા ત્રણ લોકો ઈજાગ્રસ્ત પણ થયા હતા. ઘટના સ્થળે પોલીસ અધિકારી અને રાજકીય પક્ષોના એજન્ટો પણ હાજર હતા. હથિયારધારીઓ ડમી મત નાખવા ઘૂસી આવ્યા હતા. આ દરમિયાન તેઓએ ઈવીએમમાં તોડફોડ કરી હતી.

હાલ બંને ઘટનાઓને ધ્યાને રાખી તે વિસ્તારોમાં પોલીસનો કાફલો ખડકી દેવાયો છે. ઉલ્લેખનિય છે કે, મણિપુરમાં કુલ બે લોકસભા બેઠકો છે, જેમાંથી આજે એક લોકસભા બેઠક પર મતદાન પૂર્ણ થયું છે, જ્યારે બીજી લોકસભા બેઠક માટે ૨૬મી એપ્રિલે મતદાન યોજાશે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# સ્ત્રી–પુરુષ સમાનતા છે?



સુપ્રીમ કોર્ટે ફરી એકવાર દેશના સુરક્ષા માળખામાં વધી રહેલી પિતૃસત્તાક વિચારસરણી પર જોરદાર પ્રહારો કર્યા છે. આ વખતે મામલો કોસ્ટ ગાર્ડ સાથે જોડાયેલો છે. જોકે હજુ સુધી નિર્ણય આવ્યો નથી. આ કેસની આગામી સુનાવણી શુક્રવારે થવાની છે, પરંતુ સુપ્રીમ કોર્ટના સ્ટેન્ડે નક્કી કર્યું છે કે કોસ્ટ ગાર્ડમાં મહિલાઓને કાયમી કમિશન આપવામાં વધુ વિલંબ કરવામાં આવશે નહીં. સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ખુદ ભારત સરકાર અને ભારતીય સૈન્યમાં ભેદભાવ હોય એ નવી નવાઈ તો છે, પણ આટલા વરસોથી આ પ્રથા ચાલી આવે છે એના પર ધ્યાન જતાં સર્વોચ્ચ અદાલત ખિન્ન થઈ છે. એક તરફ દેશમાં દીકરો-દીકરી એક સમાનનાં બ્યુગલો વાગે છે, પણ વાસ્તવિકતા અલગ છે. ભારતમાં સ્ત્રીઓ લગ્ન પહેલાં અને પછી નોકરી કરે છે. સ્પર્ધાત્મક પરીક્ષાઓની રેસમાં ઉતરે છે ને જીતે છે.

દેશમાં કેટલીક જ્ઞાતિઓ એવી છે કે એમાં દીકરીઓ બહુ આગળ નીકળી ગઈ છે અને દીકરાઓ ઢગલાના ઢ રહી ગયા છે. એટલે કે તેઓ જમાના સાથે તાલ મિલાવી શકતા નથી. આવું અનેક પરિવારોમાં જોવા મળે છે. વધુ ભણેલી દીકરીને સાવ ઓછું ભણેલા મુરતિયાની સાથે પરણાવવામાં આવે તો તેઓ સજોડું કહેવાય કે કજોડું એ એક કોયડો છે. જેને એરેન્જ મેરેજ કહેવામાં આવે છે એ પરંપરિત પદ્ધતિથી નિભાવવામાં આવતી લગ્ન પ્રથા સામે આ બધા નવા પડકારો છે.

સુપ્રીમ કોર્ટે જે પ્રશ્ન છંછેડયો છે તે ગંભીર છે. આ સંદર્ભમાં આશ્ચર્યની વાત એ છે કે આપણા સરકારી માળખાનો કોઈ પણ ભાગ લિંગ સમાનતા અંગે દેશ અને દુનિયામાં ચાલી રહેલી ચર્ચા પ્રત્યે આટલો ઉદાસીન કેવી રીતે હોઈ શકે? ધ્યાનમાં રાખો કે સશસ્ત્ર દળોમાં સમાન વ્યવહાર મેળવવા માટે મહિલાઓનો સંઘર્ષ આ સમયગાળા દરમિયાન પણ ચાલુ રહ્યો છે.

તેઓ ત્યાં પોતાની ઓળખ માટે ઝઝૂમે છે. અગાઉ એક વખત ઈ. સ. ૨૦૨૦ના નિર્ણયમાં સુપ્રીમ કોર્ટે સેનાને મહિલાઓને કાયમી કમિશન આપવાનો નિર્દેશ આપ્યો હતો. તેની સામે આપવામાં આવેલી તમામ દલીલોને કોર્ટે ફગાવી દીધી હતી. એમ હોવા છતાં, કોસ્ટ ગાર્ડ સંબંધિત આ કેસમાં સમાન દલીલો સાંભળવામાં આવી હતી. ઉદાહરણ તરીકે, એવું કહેવામાં આવ્યું હતું કે કોસ્ટ ગાર્ડની કામગીરી આર્મી અથવા નેવી કરતા અલગ છે. યોગ્ય રીતે, આવી દલીલોની વિગતોમાં ગયા વિના, કોર્ટે તેમને એમ કહીને રોક્યા કે કાર્યાત્મક તફાવતની દલીલો ઈ. સ. ૨૦૨૪માં કામ કરશે નહીં. ગમે તેટલો તફાવત હોય અને ગમે તે અવરોધો હોય, મહિલાઓને કાયમી કમિશન આપવું પડશે. સ્વાભાવિક છે કે, હવે પ્રશ્ન તે આપવો કે નહીં તેનો રહેશે નહીં, મુદ્દો ફક્ત તે કેવી રીતે કમિશન પ્રણાલિકાનો અમલ કરવો તેનો રહેશે.

સવાલ એ પણ છે કે જ્યારે સશસ્ત્ર દળોમાં આ મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો ત્યારે એવું પણ કહેવામાં આવ્યું હતું કે સરકારે જેન્ડર ન્યુટ્રલ પોલિસી બનાવવાની પહેલ કરવી જોઈએ, પરંતુ સરકાર દ્વારા આ દિશામાં કોઈ નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવ્યા ન હોવાનું જણાય છે. નહિંતર, સુપ્રીમ કોર્ટ સમક્ષ 'કાર્યલક્ષી મુશ્કેલીઓ'ની ગણતરી કરવાનો પ્રયાસ કરવાને બદલે, તે અવરોધોને દૂર કરવામાં કેટલી સફળતા પ્રાપ્ત થઈ છે તે કહેવામાં આવ્યું હોત. સરકાર આ માટે જરૂરી દસ્તાવેજો અદાલતના ટેબલ પર મૂકવાની સ્થિતિમાં નથી. સરકારે જેન્ડર ન્યુટ્રલ પોલિસી જો ઘડી હોય તો તે અદાલતના ધ્યાન પર લાવી પોતાની લિંગભેદ અંગેની નિષ્પક્ષતા જાહેર કરવી જોઈએ. જોકે સુપ્રીમ કોર્ટે પણ સ્પષ્ટ કર્યું છે કે આ મામલો અરજદાર પૂરતો સીમિત નથી, પરંતુ જો આપણે ઉદાહરણ તરીકે આ કેસનો ઉલ્લેખ કરીએ તો પણ, અરજદારે ભારતીય કોસ્ટ ગાર્ડમાં પાઈલોટ તરીકેના ૧૪ વર્ષના કાર્યકાળ દરમિયાન દરિયામાં ૩૦૦ જીવ બચાવ્યા છે અને તેણી પાસે ૪૫૦૦ ઉડ્ડયન કલાકો છે, જે સશસ્ત્ર દળોમાં પુરુષ અને સ્ત્રી બંને શ્રેણીઓમાં સૌથી વધુ છે.



# ગુજરાત સહિત ૨૩ રાજ્યોના ૧૨૫ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ, આ વખતે રેકોર્ડબ્રેક ગરમીની શક્યતા

- ગુજરાત સહિત ૨૩ રાજ્યોના ૧૨૫ જિલ્લામાં દુષ્કાળ જેવી સ્થિતિ, આ વખતે રેકોર્ડબ્રેક ગરમીની શક્યતા
- દુષ્કાળ જેવી સ્થિતિ વાળા જિલ્લાઓમાં આ વર્ષે ૨૭૯ ટકાનો વધારો
- આઠ રાજ્યોમાં પાંચ દિવસ સુધી હીટવેવ, બંગાળમાં ૨૨મીથી સ્કૂલોમાં રજા

નવી દિલ્હી : આ ઉનાળામાં તાપમાનનો પારો તમામ રેકોર્ડ તોડી રહ્યો છે. અનેક રાજ્યોમાં હીટવેવ શરૂ થઇ ગઇ છે, દેશના મોટાભાગના વિસ્તારો હાલ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. હવામાન વિભાગે ૧૪ થી ૧૦ એપ્રીલ વચ્ચે આંકડા જાહેર કર્યા હતા, જે મુજબ દેશના ૧૨૫ જિલ્લાઓ દુષ્કાળ જેવી સ્થિતિનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે આ આંકડો માત્ર ૩૩ હતો, એટલે કે દુષ્કાળનો સામનો કરી રહેલા જિલ્લાઓમાં આ ઉનાળામાં અગાઉના ઉનાળાની સરખામણીએ ૨૭૯ ટકાનો વધારો જોવા મળ્યો છે.

આશરે ૨૩ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશના ૧૨૫ જિલ્લા સુધી દુષ્કાળ જેવી સ્થિતિ જોવા મળી રહી છે. ઉનાળાની શરૂઆતમાં જ આ આંકડા જોવા મળી રહ્યા છે જેથી આગામી દિવસોમાં કફોડી સ્થિતિનો સામનો કરવો પડે તેવી શક્યતાઓ છે. જે રાજ્યોના જિલ્લાઓમાં દુષ્કાળ જેવી સ્થિતિ છે તેમાં ગુજરાત, આંધ્ર, અરુણાચલ, હરિયાણા, હિમાચલ, જમ્મુ કાશ્મીર, કર્ણાટક, મહારાષ્ટ્ર, ઉત્તરાખંડ, તામિલનાડુના વધુ જિલ્લાઓનો સમાવેશ થાય છે. એટલે કે ગુજરાત સહિતના આ રાજ્યોમાં અન્ય રાજ્યો કરતા સ્થિતિ વધુ કફોડી માનવામાં આવે છે.

આ રાજ્યોમાં અનેક જિલ્લાઓમાં ડ્રાઇથી લઇને અત્યંત ડ્રાઇની પરિસ્થિતિનો સામનો કરી રહ્યા છે. સીનિયર આઇએમડી વૈજ્ઞાાનિક રાજીવ ચટ્ટોપાધ્યાયે જણાવ્યું હતું કે આ જિલ્લાઓને ડ્રાઇ એટલે કે સુખા જિલ્લાઓની કેટેગરીમાં રાખવામાં આવ્યા છે. જેની એસપીઇઆઇ વેલ્યૂ-૧ થી ઓછી છે. એસપીઇઆઇ દ્વારા પાણીની માંગ પર વધી રહેલા તાપમાનની અસર માપવામાં આવે છે. જે જિલ્લાઓમાં એસપીઇઆઇ વેલ્યૂ-૧થી પણ ઓછી છે ત્યાં ઓછા વરસાદને કારણે દુષ્કાળની સ્થિતિ પેદા થઇ શકે છે. બીજી તરફ હવામાન વિભાગે આઠ રાજ્યોમાં પાંચ દિવસ માટે હીટ વેવની આગાહી કરી છે. જેમાં ઓડિશા, પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ગુજરાત, મધ્ય પ્રદેશ, આંધ્ર, તેલંગણા, તમિલનાડુનો પણ સમાવેશ થાય છે. આ સમયગાળા દરમિયાન પૂર્વ ભારતમાં ગંભીર હીટવેવની શક્યતાઓ છે. પશ્ચિમ બંગાળે પણ ૨૨મી એપ્રીલથી શાળાઓમાં રજાઓ જાહેર કરી દીધી છે. હવામાન વિભાગની આગાહીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# બુથના કાર્યકર્તાથી સાંસદ બનવાનું બહુમાન મને આ મત વિસ્તારના નાગરિકોએ આપ્યું છેઃ અમિત શાહ

■ **ગાંધીનગર લોકસભા બેઠક પર સતત બીજી વખત ઉમેદવારી નોંધાવતા કેન્દ્રીય ગૃહમંત્રીઃ મુખ્યમંત્રી સહિતના મહાનુભાવો હાજર રહ્યા**



રાજકોટ, તા.૧૯ઃ ગાંધીનગર લોકસભા બેઠકની તમામ સાત વિધાનસભા બેઠક પર ગઇકાલે જબરા રોડ શો બાદ આજે ઉમેદવારી નોંધાવતા સમયે કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહએ જણાવ્યું હતું કે હું આ જ બેઠક પર ૩૦ વર્ષ ધારાસભ્ય અને સાંસદ રહ્યો છું અને બહુ નાના બુથના કાર્યકરોમાંથી સંસદ સુધી પહોંચ્યો છું તે માટે આ વિસ્તારના લોકોએ મને જે પ્રેમ આપ્યો છે તે માટે હું તેમનો આભારી છું. શ્રી શાહએ કહ્યું કે ગાંધીનગર બેઠક પર લોકસભામાં પ્રતિનિધિત્ કરું એ મારા માટે ગૌરવની બેઠક છે.

આ ક્ષેત્રનું પ્રતિનિધિત્ અટલ બિહારી વાજપેયી, એલ.કે. અડવાણી કરી ચૂક્યા છે અને સૌથી મહત્વની વાત એ છે કે સ્વયં નરેન્દ્ર મોદી આ બેઠકના મતદાતા છે. તેઓએ કહ્યું કે ૨૦૩૬માં ગુજરાતમાં ઓલ્પિક રમાવાની છે અને તેના કારણે ગાંધીનગરને સૌથી વિકસીત લોકસભા ક્ષેત્ર તરીકેનું બહુમાન પણ મળશે.

ગુજરાતમાં રસપ્રદ બનેલી લોકસભા ચૂંટણીમાં આજે ઉમેદવારીના અંતિમ દિવસે ભાજપના બે દિગ્ગજ નેતાઓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહએ ગાંધીનગર લોકસભા બેઠક અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલએ નવસારી લોકસભા બેઠક પરથી ઉમેદવારી કરી હતી. ગઇકાલે આ બંને નેતાઓએ પોતાના મત વિસ્તારમાં જબ્બરા રોડ શો યોજ્યા હતા અને આજે ગાંધીનગર જિલ્લા કલેક્ટર સમક્ષ ગૃહ મંત્રી અમિત શાહએ, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેમજ રાજ્યના મંત્રી મંડળના સભ્યો અને રાજ્યસભાના સાંસદ મયંક નાયક સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. બીજી તરફ નવસારીમાં ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલે પણ આજે વિજય મુહુર્તમાં તેમની ઉમેદવારી નોંધાવી છે તે સમયે ભાજપના અગ્રણીઓ હાજર હતા. આજે આ ઉપરાંત રાજકોટ બેઠક પર કોંગ્રેસના પરેશ ધાનાણી, જામનગર બેઠક પર ભાજપના પૂનમબેન માડમ, મહેસાણા લોકસભા બેઠક પર રામજી ઠાકોરએ પણ ઉમેદવારી નોંધાવતા રાજ્યમાં હવે ઉમેદવારીનો તબક્કો પુરો થયો છે અને આવતીકાલે ઉમેદવારી ફોર્મની ચકાસણી બાદ તા.૨૧ અને ૨૨ના રોજ ફોર્મ પાછા ખેંચી શકાશે અને તા.૨૨ને સાંજે સમગ્ર રાજ્યમાં લોકસભા ચૂંટણી ચિત્ર સ્પષ્ટ થશે.

## ગઇકાલે મુહુર્ત ચૂકી ગયેલા સી.આર. પાટિલએ આજે ૧૨.૩૯ના વિજય ચોઘડીયામાં ફોર્મ ભર્યુ

ભાજપના પ્રદેશ પ્રમુખ સી.આર. પાટિલ નવસારી લોકસભા બેઠક પર ફરી એક વખત ચૂંટણી લડવા જઇ રહ્યા છે તેઓનો રોડ શોમાં સમય જતાં પોતે ઉમેદવારી નોંધાવી શક્યા ન હતા અને આજે તેમણે વિજય મુર્હુતમાં ફોર્મ ભરીને ફરી એક વખત નવસારીના સાંસદ બનવા માટેની સ્પર્ધામાં ઝુકાવ્યું છે. તેમની સામે કોંગ્રેસના ઉમેદવાર તરિકે શ્રી નૈષેદ દેસાઇ છે અને આજે તેઓ પણ ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતા અને કલેક્ટર કચેરીના પરિસરમાં બંને હરિફો વચ્ચે બે મીનીટની મુલાકાત થઇ હતી તે સમયે શ્રી દેસાઇએ પાટિલની નજીક જઇને કાનમાં કાંઇક કહ્યું હતું બાદમાં પાટિલ હસ્યા હતા અને ઉમેદવારી નોંધાવવા પહોંચ્યા હતાં. સી.આર. પાટિલે ૨૦૧૯માં દેશમાં સૌથી વધુ મતે બેઠક જીતવાનો રેકોર્ડ બનાવ્યો છે.

# જુનીયર અને સીનીયર કલાર્કની પરીક્ષા હાલ મોકુફ રાખતું ગૌણ સેવા પસંદગી મંડળ

■ **પરીક્ષાની નવી તારીખો ચૂંટણીઓ બાદ જાહેર કરાશે**

રાજકોટ, તા. ૧૯ઃ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે ચાલુ માસ અને આવતા મહિના દરમ્યાન લેવાનાર જુનીયર અને સીનીયર કલાર્કની પરીક્ષા વહીવટી કારણોસર હાલ સ્થગિત કરી દેવાઇ છે અને લોકસભાની ચૂંટણીઓ બાદ હવે પરીક્ષાની નવી તારીખ જાહેર કરાશે તેમ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળે જાહેર કર્યુ છે.

મંડળના સચિવ હસમુખ પટેલના જણાવ્યા મુજબ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગરની જાહેરાત ક્રમાંકઃ ૨૧૨/૨૦૨૩૨૪, ગુજરાત ગૌણ સેવા, વર્ગ-૩ (ગ્રુપ-એ તથા ગ્રુપ-બી) ની પ્રથમ તબક્કાની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા તા. ૧-૪ ના રોજથી શરૂ કરવામાં આવેલ છે. મંડળ દ્વારા આયોજીત પરીક્ષા કાર્યક્રમની તા. ૨૦,૨૧,૨૭,૨૮ એપ્રિલ ૨૦૨૪ અને તા. ૦૪,૦૫ મે ૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ તમામ શિફ્ટની પરીક્ષાઓ વહીવટી કારણોસર હાલ પુરતી મોકુફ રાખવામાં આવેલ છે તથા તા. ૮-૫ અને ૯-૫ના રોજની પરીક્ષા કાર્યક્રમ યથાવત રાખવામાં આવેલ છે.

મોકુફ રાખવામાં આવેલી પરીક્ષાની નવી તારીખો ટૂંક સમયમાં પ્રસિધ્ધ કરવામાં આવશે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા જણાવવામાં આવેલ છે.

# ગુજરાત કોંગ્રેસે વિદ્યાર્થી નેતા રોહિતસિંહ રાજપૂતને સૌરાષ્ટ્ર કચ્છ ઝોનના પ્રવક્તા બનાવ્યા



ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રદેશ પ્રમુખ અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલ અને ગુજરાત કોંગ્રેસના મુખ્ય પ્રવક્તા ડો.મનીષ દોશી, સૌરાષ્ટ્રના મીડિયા ઈન્ચાર્જ ડો.નિદ્ત બારોટ દ્વારા આગામી લોકસભાની ચૂંટણી પહેલા વિભાગીય પ્રવકતાઓની યાદી જાહેર કરી છે. જેમા રાજકોટના વિદ્યાર્થીઓ અને યુવાનોના પ્રશ્ને મદદ માટે હરહમેંશ તત્પરતા દાખવતા અને લડાયક વિદ્યાર્થી નેતા તરીકેની છાપ ધરાવતા રોહિતસિંહ રાજપૂતને સૌરાષ્ટ્ર-કચ્છ ઝોનના વિભાગીય પ્રવક્તાની જવાબદારી સોંપવામા આવી છે.ઉલેખીય છે ગત વિધાનસભાની ચૂંટણી પહેલા પણ રાજપુતની આ જ પદ પર ગુજરાત કોંગ્રેસ દ્વારા નિમણુંક કરવામાં આવી હતી હાલ આ લોકસભા ચૂંટણીને અનુસંધાને બીજી વખત તેઓને કોંગ્રેસ પાર્ટીએ આ પદે નિમણુંક કરી છે.

# રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાજતે-ગાજતે નોંધાવી ઉમેદવારી

■ **ધાનાણી દંપતી રૂા. ૩.૩૪ કરોડની સ્થાવર-જંગમ મિલ્કતના આસામી : એક પણ ગુનો કે ફોર વ્હીલ નથી**

રાજકોટ, તા. ૧૯: રાજકોટ લોકસભાની બેઠક ઉપર આજે ઉમેદવારી ફોર્મ રજૂ કરવાના અંતિમ દિવસે કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ વાજતે-ગાજતે પોતાનું ઉમેદવારી ફોર્મ ટેકેદારો સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂ કરી પોતાની ઉમેદવારી નોંધાવી દીધી હતી. કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ તેમના ઉમેદવારી ફોર્મ સાથે પોતાની આવક અને સ્થાવર-જંગમ મિલ્કત જાહેર કરતી એફીડેવીટ પણ રજૂ કરી હતી.

કોંગ્રેસના ઉમેદવાર પરેશ ધાનાણીએ ઉમેદવારી ફોર્મ સાથે રજૂ કરેલા એફીડેવીટમાં તેઓ તેમજ તેમના પત્ની વર્ષાબેન ધાનાણીના નામે રૂા.૩.૩૪ કરોડની સ્થાવર-જંગમ મિલ્કત હોવાનું ઉલ્લેખ કર્યો છે. જેમાં પરેશ ધાનાણી પાસે રૂા.૧.૪૦ લાખ અને તેમના પત્ની વર્ષાબેન ધાનાણી પાસે રૂા.૧.૫૬ લાખની હાથ પર રોકડ દર્શાવવામાં આવી છે.



પરેશ ધાનાણીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમજ તેમના નામે એક પણ ફોર વ્હીલ નથી કે તેઓની સામે એક પણ ગુનો દાખલ થયેલ નથી. પરેશ ધાનાણીએ વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૨,૫૯,૫૧૦નું આઈટી રીટર્ન દર્શાવેલ છે. આ ઉપરાંત પરેશ ધાનાણી બેંકમાં રૂા.૫૫,૮૮,૦૫૯ની રોકાણ અને બચત ધરાવે છે તેમજ પરેશ ધાનાણી પાસે રૂા. ૭.૯૨ લાખની કિંમતના ૧૨૦ ગ્રામ સોનાના દાગીના છે.

જયારે તેમના પત્ની વર્ષાબેન ધાનાણી પાસે રૂા. ૧૭.૧૬ લાખના ૨૬૦ ગ્રામ સોનાના દાગીના છે. પરેશ ધાનાણી ધારીના ચાંચાઇ તેમજ અમરેલીના ચાંદગઢ, અમરેલીમાં ખેતીની જમીન ઉપરાંત ગાંધીનગરમાં પ્લોટ ધરાવે છે. આ મિલ્કતની કિંમત રૂા.૧,૧૦,૧૪,૦૦૦ થવા જાય છે.

પરેશ ધાનાણીએ બી.કોમ. સુધીનો અભ્યાસ કરેલ છે. તેમનો સમાજ સેવા અને ખેતીનો મુખ્ય વ્યવસાય છે જયારે તેમના પત્ની વર્ષાબેન ટયુશન કરાવે છે. પરેશ ધાનાણીના નામે રૂા. ૫૫.૮૮ લાખની અને તેમના પત્ની વર્ષાબેનના નામે ૮૮.૧૩ લાખની જંગમ મિલ્કત હોવાનો એફીડેવીટમાં ઉલ્લેખ કરાયો છે.

આ ઉપરાંત પરેશ ધાનાણી પાસે રૂા. ૧.૧૦ લાખ અને તેમના પત્ની વર્ષાબેન પાસે રૂા.૧.૫૦ લાખની સ્થાવર મિલ્કત છે. પરેશ ધાનાણીએ તેમના ટેકેદારો સાથે આજે ધામધુમથી જિલ્લા ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ ઉમેદવારી ફોર્મ રજૂ કરી ઉમેદવારી નોંધાવી હતી. આ સમયે તેમની સાથે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની ઓફિસમાં તેમના ટેકેદાર અને દરખાસ્ત કરનાર તરીકે શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલભાઇ રાજાણી, વશરામભાઇ સાગઠીયા, ગાયત્રીબા વાઘેલા, પૂર્વ ધારાસભ્ય માધાભાઇ ગોહેલ ઉપસ્થિત રહ્યા હતા. આ સમયે પરેશ ધાનાણીના ડમી તરીકે ડો.હેમાંગ વસાવડાએ પણ તેમનું ઉમેદવારી ફોર્મ ચૂંટણી અધિકારી પ્રભવ જોશી સમક્ષ રજૂ કર્યુ હતું. આ પ્રસંગે કોંગ્રેસના આગેવાનો સર્વશ્રી મહેશ રાજપૂત, અશોક ડાંગર, ડો.રાજદીપસિંહ જાડેજા, મુકુંદભાઇ ટાંક, મયુરસિંહ પરમાર, અશોકસિંહ વાઘેલા, જશવંતસિંહ ભટ્ટી, હિતેષ વોરા, સંજય અજુડીયા, કોર્પોરેટર મકબુલભાઇ દાઉદાણી, હરપાલસિંહ જાડેજા, ગોપાલભાઇ અનડકટ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## મારી પાસે ચૂંટણી લડવાના પૈસા નથી: ક્રાઉડફંડીંગ માટે લલિત વસોયાએ ચછકોડ જાહેર કર્યો




રાજકોટ, તા.૧૯: પોરબંદર લોકસભા ચૂંટણી લડી રહેલા કોંગ્રેસના ઉમેદવાર લલિત વસોયાએ હવે લોકો પાસે ચૂંટણી લડવા પાસે ભંડોળ માંગ્યું છે અને કહ્યું છે કે તા.૭ના રોજ મત તો આપજો જ પણ અત્યારે મને નોટની પણ જરૂર છે. આમ કહીને તેણે પોતાના બેંક સાથે જોડાયેલો ક્યુઆર કોડ જાહેર કર્યો છે અને મતદારો પાસે ભંડોળ માંગ્યું છે. તેણે દાવો કર્યો કે ૨૬ લોકસભા બેઠકો પર જે સત્તાવાર બાવન ઉમેદવારો છે તેમાં સૌથી ગરીબ હું છું અને તેથી એક રૂપિયાથી લઈને કોઈપણ રકમ તમે મને ચૂંટણી લડવા માટેઆપી શકો છો.

## બેસણું



સ્વઃ નવલબેન જમનાદાસ રાયમગીયા(ઉ. વ. ૮૭) (મૂળ જોડિયા, હાલ : રાજકોટ )સ્વઃ જમનાદાસ વલ્લભદાસ રાયમગીયા ના પત્નિ તથા રજનીભાઇ, હસમુખભાઈ, રંજનબેન,ભાવનાબેન અને ભારતીબેન ના માતૃશ્રી, સ્વ : હીરાલાલ ત્રિકમજી ઠક્કર ( મહેમદાવાદ) ની પુત્રી નું અવસાન તારીખ ૧૯/૦૪/૨૦૨૪ અવસાન પામેલ છે.

સદગત નું બેસણું રાજકોટ ( ડ્રીમસિટી, રૈયા રોડ) મુકામે તા. ૨૦/૦૪/૨૦૨૪ (શનિવાર) નાં રોજ સાંજે ૫ થી ૬ વાગ્યે રાખેલ છે.પિયર પક્ષ ની સાદડી પણ સાથે રાખેલ છે. પ્રભુ સદગત ના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

# રાજકોટનાં ૧૦૩ વેપારીઓ પાસેથી સાડાચાર કિલો પ્રતિબંધીત પ્લાસ્ટિક જપ્ત

■ **જાહેરમાં ગંદકી કરતા લોકો પાસેથી રૂ૨૩.૨૫૦નો વહિવટી ચાર્જ વસુલાયો**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૧૯: રાજકોટ મહાનગરપાલિકા દ્વારા પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ (એમેન્ડમેન્ટ) રૂલ્સ-૨૦૨૧ અન્વયે તારીખ ૧૮/૪ના રોજ ત્રણેય ઝોન વિસ્તાર અલગ અલગ મુખ્ય માર્ગો પર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાની તથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૧૦૩ આસામીઓ પાસેથી




૪.૫૦૬ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ૩૨૫૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

સેન્ટ્રલ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૫ આસામીઓ પાસેથી ૧.૧૮૬ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૬૧૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ તથા વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૪૬ આસામીઓ પાસેથી ૨.૪૭૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૧૧૫૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

ઈસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૨૨ આસામીઓ પાસેથી ૦.૮૫ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ.૫૬૦૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ હતો.

# ફોર્મ ભરવાની મુદત પૂર્ણ : રાજકોટમાં ૧૬ ઉમેદવારો મેદાનમાં

■ **ભાજપ, કોંગ્રેસ, બસપા, અને બહુજન મૂકિત પાર્ટીએ પક્ષ લેવલે તથા અન્ય ૧૦ ઉમેદવારોએ અપક્ષ તરીકે ફોર્મ ભર્યા**

રાજકોટ તા. ૧૯: ગુજરાતની ૨૬ લોકસભા બેઠક માટે આગામી ૭ મેના રોજ યોજાનારી ચૂંટણી માટે ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ છે. રાજકોટની સંસદીય બેઠક માટે કુલ ૧૬ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે. જેમાં ભાજપ, કોંગ્રેસ, બસપા, બહુજન મૂકિત પાર્ટી તથા અપક્ષોનો સમાવેશ થાય છે. લોકસભા ચૂંટણી માટે બપોરે ૩ વાગ્યા સુધીની મુદત હતી અને ત્યાં સુધીમાં ૧૬ ઉમેદવારોના ૨૮ ફોર્મ રજૂ થયા હતા. ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારોએ ૪-૪ ફોર્મ રજૂ કર્યા હોવાથી ૧૬ ઉમેદવારોના ઉમેદવારી પત્રકોની સંખ્યા ૨૮ થઈ હતી.

સતાવાર રીપાર્ટ પ્રમાણે ભાજપમાંથી પરસોત્તમ રૂપાલા અને મોહન કુંડારીયાએ ફોર્મ ભર્યા હતા. ત્યારે ભાજપમાંથી પરેશ ધાનાણી અને હેમાંગ વસાવડાના ફોર્મ રજૂ થયેલા છે. બહુજન સમાજ પાર્ટી ના ચમનભાઇ સવસાણી, બહુજન મૂકિત પાર્ટીના પ્રકાશ સિંધવ ના નામ છે. આ સિવાય અમરદાસ દેસાણી, ભાવેશ આચાર્ય, નયનકુમાર ઝાલા, નિરલકુમાર અજાગીયા, નરેન્દ્રભાઇ અમૃતલાલ સોની, જીજ્ઞેશભાઇ રાજેન્દ્રભાઇ લોહાર, રામજીભાઇ ગોવિંદભાઇ વેગડા, રૂડાભાઇ વાલજીભાઈ મેરાણ, ભાવેશ કાંતિલાલ પીપળીયા તથા સુભાષ અંબાશંકર પંડયાએ અપક્ષ ઉમેદવારી કરી છે. પરસોત્તમ રૂપાલા સામે આંદોલન વચ્ચે ક્ષત્રિય સમાજે ૧૦૦થી વધુ ફોર્મ ભરવાનું જાહેર કર્યું હતુ. પરંતુ તેમના એક પણ ફોર્મ ભરાયા નથી.

# પોલીસના ઓબ્ઝર્વર સાથે પોલીસ કમિશનરની બેઠક

■ **પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા, ચૂંટણી તૈયારી અંગે સમીક્ષા કરી**

રાજકોટ, તા.૧૯: લોકસભાની ચૂંટણી સંદર્ભે ગત રોજ રાજકોટમાં પોલીસના ઓબ્ઝર્વર ચંદન કુમાર ઝા નું આગમન થયું હતું. ત્યારે આજે પોલીસ કમિશનર સાથે પોલીસના ઓબ્ઝર્વરે બેઠક કરી હતી. તેઓએ પોલીસ અધિકારીઓ-કર્મચારીઓની સંખ્યા, ચૂંટણી તૈયારી અંગે સમીક્ષા કરી હતી.

ઉલેખનીય છેકે, રાજકોટ લોકસભાની ચૂંટણી પ્રક્રિયા માટે જનરલ ઓબ્ઝર્વર માટે ભવાનીસિંહ દેઠા અને પોલીસના ઓબ્ઝર્વર તરીકે ચંદનકુમાર ઝાની નિયુકિત ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી હતી. આ બન્ને ઓબ્ઝર્વર ગઇકાલે સાંજે રાજકોટ આવી પહોંચ્યા હતા. જિલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી પ્રભવ જોશી અને પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, જિલ્લા પોલીસ વડા નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડે તેમને આવકાર્યા હતા.

ભવાનીસિંહ દેઠા એ રાજસ્થાનના પ્રિન્સીપલ સેક્રેટરી છે. જયારે પોલીસના ઓબ્ઝર્વર તરીકે નિમાયેલા ચંદનકુમાર ઝા એ ઝારખંડના આઇપીએસ અધિકારી છે. આ બન્ને ઉચ્ચ અધિકારીઓ હવે રાજકોટ બેઠકની ચૂંટણી પ્રક્રિયા પર બન્ને ઉચ્ચ અધિકારીઓ નજર રાખશે.

ચંદન કુમાર ઝાએ પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ, રાજકોટ જિલ્લા પોલીસ વડા, નાયબ પોલીસ મહાનિરીક્ષક જયપાલસિંહ રાઠોડ સહિતના પોલીસ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આચારસંહિતાને લઈ રાજકોટ શહેર પોલીસ અને ગ્રામ્ય પોલીસે કેટલી કામગીરી કરી છે.

ચૂંટણીને લઈ કેટલી તૈયારી છે. બંદોબસ્તનો શું પ્લાન રહેશે. વગેરે બાબતે બેઠકમાં ચર્ચા થઇ હોવાનું જાણવા મળે છે. આગામી સમયમાં ઓબ્ઝર્વર ચંદનકુમાર ઝા રાજકોટ બેઠકના સંવેદનશીલ વિસ્તારોની મુલાકાત લઈ શકે છે.

# શહેરમાં એક સપ્તાહમાં જ ૪૭-રેકડી- કેબીન અને ૧૭૯૨ બોર્ડ- બેનરો જપ્ત કરતી દબાણ હટાવ શાખા

રાજકોટ, તા.૧૯ઃ રાજકોટ મહાનગરપાલિકાની દબાણ હટાવ શાખા દ્વારા ગત તા.૦૯/૪ થી ૧૬/૪ દરમ્યાન રાજકોટ શહેરમાં જુદી જુદી જગ્યાએ જાહેર માર્ગો પર દબાણ રૂપ એવા રેકડી-કેબીન, અન્ય ચીજવસ્તુઓ, શાકભાજી-ફળો જપ્ત તેમજ પશુઓને આપવામાં આવતું લીલું, બોર્ડ-બેનરો વગેરે જપ્ત કરવાની કામગીરી કરવામાં આવેલ હતી અને ગુંદાવાડી, જ્યુબેલી માર્કેટ, બજરંગવાડી, જામનગર રોડ, અશોક ગાર્ડન, બુધવારી, ગાયત્રીનગર મેઈન રોડ, આહીર ચોક મવડી મેઈન રોડ, પુષ્કરધામ મેઈન રોડ, ભીમનગર મેઈન રોડ, રામાપીર ચોકડી પાસેથી રસ્તા પર નડતર રૂપ ૪૭ રેકડી/કેબીન જપ્ત કરવામાં આવી હતી.

જયારે જ્યોતિનગર, નાણાવટી ચોક, પંચાયત ચોક, ગોવિંદબાગ, નાના મૌવા મેઈન રોડ, આનંદબંગલા ચોક, ખાદીભવન સામે, અર્ટીકા, રવિરત્ન પાર્ક, માધાપર ચોકડી, જામનગર રોડ, કોર્ટ ચોક, ગાયાત્રીનગર, હોસ્પિટલ ચોકડ્ઢ પરથી જુદીજુદી અન્ય ૭૩ પરચુરણ ચીજ વસ્તુઓ જપ્ત કરવામાં આવેલ. વેસ્ટ ઝોન, પંચાયત ચોક,રામાપીર ચોકડી, પુષ્કરધામ મેઈન રોડ,માધાપર રિંગ રોડ,લક્ષ્મિનગર નાલા પાસેથી ૭૧૧ કિલો શાકભાજી/ફળ જપ્ત કરવામાં આવેલ હતા. તેમજ પુષ્કરધામ મેઈન રોડ,નાણાવટી ચોક,રૈયા રોડ,નંદનવન,મવડી વિસ્તાર,મટકી ચોક,સ્વામીનારાયાણ ચોક પરથી રૂ.૩,૦૮,૭૩૦/- મંડપ કમાન છાજલી ભાડુ વસુલ કરવામાં આવેલ હતું.

ઉપરાંત કોઠારીયા રોડ,મોરબી રોડ,ભાવનગર રોડ, કુવાડવા રોડ ૮૦ફુટ રોડ,અર્ટિકા ફાટક,જામનગર રોડ,ટાગોર રોડ,આનંદબંગલા ચોક,મવડી મેઈન રોડ,આહિર ચોક પરથી રૂ.૪૭,૬૦૦નો વહિવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.અંબીકા ટાઉનશીપ,કાલાવડ રોડ,યુનિ. રોડ, સ્પિડવેલ ચોક સુધી, સાધુવાસવાણી રોડ, ઢેબર રોડ, જામનગર રોડ, ટાગોર રોડ, રેસકોર્ષ રિંગરોડ, સંતકબીર રોડ પાસેથી ૧૭૯૨ બોર્ડ-બેનર જપ્ત કરેલા હતાં.

# વિદ્યાનગર અને મંગળા મેઈન રોડ ઉપર ફૂડ વિભાગના દરોડા

- **અનેક જાણીતા દવાના વેપારીઓ તથા ખાણીપીણીનાં ૨૩ ધંધાર્થીઓને ત્યાં ચકાસણી**

રાજકોટ, તા. ૧૯ઃ રાજકોટ મહાનગરપાલિકાની ફૂડ વિભાગની ટીમ તથા એફએસડબલ્યુ વાન સાથે રાજકોટ શહેરના વિદ્યાનગર મેઈન રોડ અને મંગળા મેઈન રોડ ઉપર ખાસ ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી. આજરોજ મહાપાલિકાની ફૂડ વિભાગની ટીમો દ્વારા ઉપરોકત વિસ્તારમાં જુદા જુદા મેડીકલ સ્ટોર્સ ઉપરાંત ખાદ્ય ચીજોનું વેચાણ કરતા કુલ ૨૩ જેટલા ધંધાર્થીઓને ત્યાં ચકાસણી હાથ ધરવામાં આવેલ હતી. આ ચકાસણી દરમ્યાન મહાનગરપાલિકાની ટીમો દ્વારા છ જેટલા ધંધાર્થીઓને લાયસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ હતી જયારે જુદી જુદી ખાદ્ય ચીજોના છ નમુનાની સ્થળ પર ચકાસણી કરવામાં આવેલ હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે ફૂડ વિભાગ અને એફએસડબલ્યુ વાન સાથે મંગળા મેઈન રોડ અને વિદ્યાનગર રોડ પર જયાં ચકાસણી કરવામાં આવી હતી તેમાં (૧) સુદર્શન મદ્રાસ કાફે (૨) વેદ મેડીસીન્સ (૩) સારથી ફાર્મસી (૪)સુરૂપા મેડિકલ એજન્સી (૫) રામદેવ નાસ્તા હાઉસ (૬) કિશન કોલ્ડડ્રિંક્સ - લાઇસન્સ મેળવવા બાબતે સૂચના આપવામાં આવેલ હતી.

આ ઉપરાંત અનેક જાણીતા દવાના ધંધાર્થીઓ તથા રેસ્ટોરન્ટ અને નાસ્તા હાઉસના વેપારીઓને ત્યાં પણ તપાસ કરાઇ હતી જેમાં (૭) મંગલમ મેડિકલ (૮) ક્રિષ્ના મેડિકલ (૯)શ્રધ્ધા મેડિકલ (૧૦) મેઘા મેડિકલ (૧૧) મનોહર મેડીસીન (૧૨) ગણેશ મેડીસીન (૧૩)શ્રી મેડિકલ (૧૪) ગાયત્રી મેડિકલ (૧૫)અવની મેડિકલ (૧૬) ગાયત્રી મેડિકલ સેન્ટરનો સમાવેશ થાય છે.

## નાનામવા ચોકની શ્રીરામ મસાલા માર્કેટમાં ફૂડ વિભાગની સ્પે. ડ્રાઇવ

રાજકોટ, તા. ૧૯ઃ હાલમાં રાજકોટમાં મસાલાની સીઝન ચાલી રહી છે ત્યારે મહાનગરપાલિકા દ્વારા મસાલાના જુદા જુદા ધંધાર્થીઓને ત્યાં આ ખાસ ડ્રાઇવ હાથ ધરવામાં આવેલ છે. તાજેતરમાં જ મહાપાલિકાએ ૧૦ જેટલા ધંધાર્થીઓને ત્યાંથી મસાલાના નમુના લીધા હતા. જયારે આજરોજ પણ મસાલાના કુલ ૧૦ નમુના લેવામાં આવેલ હતા. જેમાં નાના મવા ચોક પાસે આવેલા જાણીતા શ્રીરામ મસાલા માર્કેટમાં ઉમિયા મસાલા ભંડારમાંથી ધાણા આખા લુઝ તથા શ્રીરામ મસાલા માર્કેટમાં ઉમીયા મસાલા ભંડારમાંથી રાઇ આખી લુઝ આ જ માર્કેટમાં ખોડલ મસાલા ભંડારમાંથી સુવાદાણા બીજ, આ ઉપરાંત ખોડલ મસાલા ભંડારમાંથી જે.કે.સ્પાઇસ બ્લેક સોલ્ટ, જલારામ મસાલા ભંડારમાંથી એમ.એમ. બ્રાન્ડ સુવાદાણા બીજ તેમજ જલારામ ભંડારમાંથી આખુ જીરૂ લુઝ, ગીરીરાજ સિઝન સ્ટોર્સ રામ મસાલા માર્કેટમાંથી હળદર આખી લુઝ, આ જ સ્થળેથી રાઇ આખી લુઝ અને શ્રીરામ મસાલા ભંડારમાંથી ધાણી લુઝ અને જીરૂ લુઝના સેમ્પલો લેવામાં આવેલ હતા.

# શાપરમાં ફરી ૨.૯ની તીવ્રતાનો ભૂકંપઃ રાજકોટમાં પણ ધ્રુજારી

- **સપ્તાહ પુર્વેના આંચકા કરતા કેન્દ્રબિંદુ ૧ કી.મી. નજીક સરક્યુઃ આજના ભૂકંપનું એપી સેન્ટર ૧૬ કી.મી. દુર**

(સામના મિરર, સંવાદદાતા)

રાજકોટ, તા.૧૯ઃ આકરા ઉનાળાના તાપ વચ્ચે રાજકોટની ભાગોળે ભૂકંપનો સિલસિલો શરૂ થયો હોય તેમ એક સપ્તાહ બાદ ફરી રાજકોટથી શાપર અને આસપાસના વિસ્તારોમાં ધરતીકંપ અનુભવાયો હતો. ૨.૯ની તીવ્રતાના ભૂકંપનું કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૬ કીમી દુર હતું. મહત્વની વાત એ છે કે સપ્તાહ પુર્વેના ભૂકંપના કેન્દ્રબિંદુ કરતા આજનું કેન્દ્રબિંદુ વધુ નજીક હતું.

સિસ્મોલોજી સેન્ટરના સૂત્રોએ કહ્યું કે, આજે રાજકોટ નજીક બપોરે ૨.૦૯ કલાકે ૨.૯ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો જેનુ કેન્દ્રબિંદુ રાજકોટથી ૧૬ કીમી દુર દક્ષિણ-દક્ષિણ પુર્વમાં હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત ૧૨મી એપ્રિલે આ જ ક્ષેત્રમાં ઉપરાઉપરી ચાર આંચકા અનુભવાયા હતા અને તેનુ કેન્દ્રબિંદુ રાજકોટથી દક્ષિણ-દક્ષિણપુર્વમાં ૧૭ કીમી દુર હતુ. આજના આંચકાનુ કેન્દ્રબિંદુ એક કીમી નજીક માલુમ પડયુ હતું.

ભૂકંપના આ આંચકાની અસર રાજકોટ સુધી અનુભવાઈ હતી. રાજકોટની બહુમાળી ઈમારતો સહિત અનેક ભાગોમાં લોકોએ આંચકો અનુભવ્યો હતો અને ફફડાટ સર્જાયો હતો. શાપરમાં ભયભીત લોકો કારખાના-ઓફીસોમાંથી બહાર નીકળી ગયા હતા. આંચકાનુ ડયુરેશન વધુ હોવાનો લોકોનો દાવો હતો.

સપ્તાહ પુર્વે આ જ ક્ષેત્રમાં ધરતીકંપના ચાર આંચકાને પગલે સિસ્મોલોજી વિભાગની ટીમ પણ સર્વે માટે આવી હતી. ઉપરાંત શાપરમાં ભૂકંપમાપક યંત્ર મુકવાનો પણ નિર્ણય લેવાયો હતો.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્રભરમાં ચોરી અને લૂંટ કરનાર બેલડી સુરતથી ઝડપાઈ

**■ નેમિનાથ સોસાયટીમાં સેન્ટ્રલ જેલના કલાર્કના મકાનમાંથી દાગીના અને રોકડ સહિત રૂા.૪.૯૮ લાખના મુદ્દામાલની ચોરી કરી નાસી છૂટેલા તસ્કરોને સુરત ક્રાઇમ બ્રાંચે ઝડપી રૂા.૧૦ લાખની મતા કબ્જે કરી**

(સામના મિરર, સંવાદદાતા)




રાજકોટ. તા.૧૯ઃ રાજકોટ જેલના સિનિયર કલાર્કના બંધ મકાનમાંથી સોનાં ચાંદીના દાગીના અને જામજોધપુરમાં બેંકમાંથી રૂપિયા ૨૦ લાખ સાથેની બેગ ખેંચી લેવા સાથે મધ્ય પ્રદેશ સહિત દેશના વિવિધ રાજ્યોમાં વોન્ટેડ આંતરરાજ્ય બે શખ્સોને સુરત ક્રાઇમ બ્રાન્ચે દબોચો રૂ.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરી પૂછપરછ હાથ ધરતાં અનેક ચોરી અને લૂંટના ભેદ ખુલવા પામ્યા હતાં.

પોલીસ કમિશનર અનુપમસિહ ગેહલોત દ્વારા ક્રાઇમ બ્રાન્ચ વડા કે. એન. ડામોર, ડીસીપી ભાવેશ રોજિયાએ સુરત શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ તે માટે અગાઉ મિલકત સંબંધી ગુનાઓમાં પકડાયેલા આરોપીઓ પર વોચ રાખવાની આપેલ સૂચનાથી ક્રાઇમ બ્રાન્ચની ટીમને મળેલ ચોક્કસ, સચોટ બાતમીના આધારે સુરત શહેર ક્રાઈમના પોલીસ ઈન્સ્પેક્ટરોના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમો સુરત શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમ્યાન જનરલ સ્કવોડના પીએસઆઈની ટીમને મળેલ ચોક્કસ બાતમીના આધારે અગાઉ મોબાઈલ ફોન તેમજ વાહન ચોરીના સહિતના ગુનાઓમાં પકડાયેલ દસ્તગીર ઉર્ફે રબ્બાની ઉર્ફે ટાઇગર મોહમદ સકિલ ખલીલ કુરેશી (રહે. ઉનપાટીયા, તળાવ ગાર્ડનની પાસે સુરત, મૂળ મુરદાબાદ, ઉત્તરપ્રદેશ) અને નરસિંહ રવજી ખણધર (રહે. સચિન રેલવે સ્ટેશનની બાજુમાં સુરત, મૂળ લાલપુર, જામનગર) રાજકોટના શહેર ગ્રાંધીગ્રામ પોલીસ સ્ટેશન વિસ્તારના એક મકાનમાંથી સોના-ચાંદીના ઘરેણા, લેપટોપ તથા કેમેરા સહિતનો કિંમતી સામાન ચોરી લાવેલ છે અને બંને મધ્યપ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશનમાં લૂંટના ગુનામાં નાસતા-ફરતા હોવાની ચોક્કસ બાતમીના આધારે ક્રાઇમ બ્રાંચના સ્ટાફે ઉન પાટીયા ભીંડી બજાર પાસે જાહેર રોડ પરથી બંનેને દબોચી સોના-ચાંદીના ઘરેણા, લેપટોપ, કેમેરો અને રોકડ રૂપિયા સહિતનો કુલ રૂ.૧૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

આરોપીઓએ નેમિનાથ સોસાયટીમાં આવેલ બંધ મકાનમાં ત્રાટકી ચોરી કરેલ કરેલ હોવાની કબૂલાત આપેલ છે. જે બાબતે મકાન માલિક સેન્ટ્રલ જેલના કલાર્ક ગાંધીગ્રામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ઉલેખનીય છે કે, બંને આરોપીઓ સાથે મળી મધ્ય પ્રદેશના ખારગૌન પોલીસ સ્ટેશન વિસ્તારમાં લૂંટના ત્રણ ગુનાઓને અંજામ આપેલ જેમાં ઓક્ટોમ્બર-૨૦૨૦માં ખારગૌન અવનીગ્રામ વિસ્તારમાં રસ્તા પર ઉભેલ મહિલાના ગળામાંથી સોનાની ચેનની લૂંટ અને માર્ચ-૨૦૨૧ માં ખારગૌન વૃંદાવન કોલોનીમાં મહિલા તેમના ઘર બહાર ઉભા હોય તે વખતે તેમને એડ્રેસ પુછવાના બહાને તેમની પાસે આવીને તેમના ગળામાંથી સોનાની ચેનની લૂંટ કરેલ અને માર્ચ- ૨૦૨૧માં મહિલા પોતાના ઘરની બહાર ફુલ તોડતા હતા તે વખતે આરોપીઓએ ચેનની લૂંટ કરતા મહિલાએ પ્રતિકાર કરતા તસ્કરોએ પાસેના ધારદાર હથિયાર વડે હુમલો કરી ઈજાઓ પહોંચાડી લૂંટ કરી નાસી ગયેલ હોવાની કબૂલાત આપી હતી. જે ગુનામાં બંને વોન્ટેડ હતાં. ઉપરાંત એકાદ વર્ષ પહેલા બંને આરોપીઓએ સુરત શહેર ખટોદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી વાહન ચોરી કરી હોવાનું પણ સામે આવ્યું છે.

# સ્પા સંચાલકો સાથે ડીસીપીની બેઠક

**■ તમામ કર્મચારીઓની ફરજિયાત નોંધણી કરવા, ગેરકાયદે પ્રવૃતિ ન થાય તેની તકેદારી રાખવા સમજ અપાઈ**

(સામના મિરર, સંવાદદાતા)



રાજકોટ તા.૧૯ઃ ગઈકાલે પોલીસ કમિશ્નરના જાહેરનામા અને વિવિધ કાયદાકીય સમજ માટે ડીસીપી ક્રાઇમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ દ્વારા સ્પા સંચાલકોની બેઠક બોલાવી જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

એસઓજી વિભાગ તરફથી મળેલી માહિતી મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નર રાજુ ભાર્ગવ, અધિક પોલીસ કમિશ્નર વિધી ચૌધરીની સુચના અન્વયે રાજકોટ શહેર વિસ્તારમાં આવેલ તમામ સ્પા સેન્ટરોમાં કામ કરતા કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં કરવાની હોય જે અનુસંધાને પોલીસ કમિશ્નરના જાહેરનામાની ચુસ્તપણે અમલવારી થાય તેવી સુચના આપવામાં આવેલ છે.

જે સબંધે ગઈકાલે રાજકોટ શહેર એસઓજી શાખા ખાતે ડીસીપી (ક્રાઇમ અને સ્પેશ્યલ બ્રાન્ચ) ડો. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં શહેરમાં સંચાલીત તમામ સ્પા સેન્ટરોના માલીકો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું.

આ મીટીંગ દરમિયાન તમામ સ્પા સંચાલકોને પોતાના સ્પામાં કામ કરતા તમામ કર્મચારીઓની નોંધણી નજીકના પોલીસ સ્ટેશનમાં સમયસર કરાવવા સુચનાઓ આપવામાં આવી હતી. પોતાના સ્પામાં ડ્રગ્સને લગત તથા અન્ય કોઈ ગેરકાયદેસર પ્રવૃતિ ન થાય તે માટે તકેદારી રાખવા સુચના આપી હતી. આવી પ્રવૃતિઓ વિરૂધ્ધની વિવિધ કાયદાકીય જોગવાઈ અંગે સમજ કરવામાં આવી હતી. આ તકે એસઓજી પીઆઈ જે.એમ. કૈલા, એએચટીયુ પીઆઈ કે.જે. કરપડા, એસઓજી પીએસઆઈ ડી.પી. ગોહેલ,

# પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નામે બનાવટી ન્યુઝ પ્લેટ વાયરલ કરાતા ફરિયાદ



## ■ હિતશત્રુઓનું કૃત્ય, કાવતરૂ ઘડી કાલ્પનિક નિવદેનો ઉભા કરી વિજયભાઈની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડવા પ્રયત્ન

રાજકોટ, તા.૧૯ઃ પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીને બદનામ કરવા કાવતરુ ઘડી તેમના નામે કાલ્પનિક અને ખોટા નિવેદનો ઉભી કરી બનાવટી ન્યુઝ પ્લેટ ખોટી ઉભી કરી અને સોશ્યલ મીડિયામાં વાયરલ કરનાર આરોપીઓ સામે ફોજદારી ફરિયાદ નોંધી કાર્યવાહી કરવા વિજયભાઇ રૂપાણીએ રાજકોટ પોલીસ કમિશનર સમક્ષ લેખીત ફરિયાદ કરી છે.

થોડા દિવસોથી વિજયભાઇ રૂપાણીના નામે અમુક ચોક્કસ રાજકીય તેમજ સામાજિક હિતશત્રુઓ દ્વારા ખોટા અને કાલ્પનિક નિવેદનો ઉભા કરી એબીપી અસ્મિતા ન્યુઝ ચેલનું બનાવટી અને ખોટું ન્યુઝ પ્લેટ ઉભું કરી અને તે કાલ્પનિક નિવેદનો બનાવટી ન્યુઝ પ્લેટમાં એડીટ કરી અને સોશ્યલ મીડિયામાં વાયરલ કરવામાં આવ્યા છે.

ત્યારે આવું નિવેદન આજદિન સુધી તેઓ દ્વારા કરવામાં આવ્યું જ નથી તેવું જણાવતા વિજયભાઇએ પોલીસ કમિશનર રૂબરૂ ફરિયાદ કરેલ છે જેમાં તેઓના નામે આવા ખોટા નિવેદનો ઉભા કરી ખોટી બનાવટી ન્યુઝ પ્લેટમાં આ કાલ્પનિક નિવેદન એડીટ કરી અને વાયરલ કરવાવાળા વ્યકિતઓ વિરુધ્ધ ફોજદારી ફરિયાદ નોંધી અને તાત્કાલીક કાયદાકિય કાર્યવાહી હાથ ધરવા અનુરોધ કરેલ છે.

વિજયભાઈએ તેઓની ફરિયાદમાં વધુમાં જણાવેલ હતું કે, સ્વયંમ એબીપી અસ્મિતા ન્યુઝ ચેનલ કે જેનું બનાવટી અને ખોટું ન્યુઝ પ્લેટ ઉભું કરવામાં આવેલ હતું તે ન્યુઝ ચેનલે પણ તેઓની ચેનલના માધ્યમથી સ્પષ્ટતા કરેલ હતી કે આવું કોઇ ન્યુઝ પ્લેટ ચેનલ દ્વારા બનાવવામાં આવેલ જ નથી અને ન્યુઝ પ્લેટમાં જણાવેલ નિવેદન તથ્ય વિહોણું છે.

સમાજમાં ભાગલા પાડવા, તેઓની દાયકાઓ જુની નિષ્કલંક કારકિર્દીને હાની પહોંચાડવા અને ભારતીય જનતા પાર્ટીને બદનામ કરવા આવી ખોટી ન્યુઝ પ્લેટ ઉભી કરવામાં આવી છે અને જે વ્યકિતઓએ આ હિન કૃત્ય કરેલ છે તેઓ વિરુધ્ધ તાત્કાલીક કાર્યવાહી કરી આ ફેક ન્યુઝ અટકાવવામાં આવે તે અનિવાર્ય છે. વિજયભાઇને ફરિયાદમાં જણાવ્યું છે કે તેઓ દાયકાઓથી સમાજની સેવા કરી રહ્યા છે. અમો સાર્વજનિક જીવનમાં પ્રવેશ્યા ત્યારથી લઇ અને આજદિન સુધી સામાજિક સમરસ્તાને સમર્પિત જવાબદારીપૂર્વકનું સાર્વજનિક જીવન જીવી રહ્યા છે.

ઘણા સંવેધાનિક હોદ્દાઓ ભાંગવી ચુક્યા છે. હોદ્દાઓની જવાબદારીનું નિર્વહણ કરતા સમયે દરેક સમાજને સાથે લઇ અને કાર્ય કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે. તેઓની નિષ્કલંક રાજકીય અને સાર્વજનિક કારકિર્દી રહી છે અને સર્વસમાજમાં તેઓ બહોળી પ્રતિષ્ઠા ધરાવીએ છે. સર્વસ્વિકૃત પ્રતિષ્ઠાને હાની પહોંચાડવા અમુક અસામાજિક તત્વો તેમના નામે 'કોની પાસેથી મત લેવાં એ એમને શીખવાડવું નહીં, ક્ષત્રિય કે કોળીના મતની જરૂર નથી અમારે.. વિજય રૂપાણી' આવા બનાવટી અને કાલ્પનિક ખોટા નિવેદનો ઉભા કરી અને ન્યુઝ ચેનલનું બનાવટી અને ખોટું ન્યુઝ પ્લેટ ઉભું કરી વાયરલ કર્યું હતું. સત્ય એ છે કે વિજયભાઇએ ક્યારેય આવું નિવેદન આપ્યું નથી. ન્યુઝ ચેનલે પણ આ ન્યુઝ પ્લેટ ખોટી હોવાનું સ્પષ્ટીકરણ કરેલ છે.

સમગ્ર ભારતમાં હાલ લોકસભાની ચૂંટણી ચાલી રહી છે અને ગુજરાત રાજયમાં ચૂંટણી પ્રચાર અંતર્ગત વિજયભાઇને ભારતીય જનતા પાર્ટીના સ્ટાર પ્રચારક તરીકે સમગ્ર રાજયમાં સભાઓ સંબોધવા જવાની ફરજ પડેલ છે. તેઓ સંજોગોમાં તેમના નામનો ખોટી રીતે ઉપયોગ કરી તેમના નામે ખોટા કાલ્પનિક નિવેદનો ઉભા કરવાનો હિન પ્રયત્ન થઇ રહ્યો છે જેની સીધી આડ અસર રાજયની કાયદા વ્યવસ્થા ઉપર તેમજ સામાજિક સમરસતા ઉપર સાથે ભારતીય જનતા પાર્ટી ઉપર પડે તેવી પુરી સંભાવના છે જેથી આવા આરોપીઓ સામે કાયદાકિય પગલા હાથ ધરવા પોલીસ કમિશનરને ફરિયાદમાં જણાવાયું છે. આ ફરિયાદમાં વિજયભાઇ વતી એડવોકેટ અંશભાઇ ભારદ્વાજ રોકાયેલ છે.

# રાજકોટ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગરમીમાં આંશિક ઘટાડો

## ■ મોટાભાગનાં સ્થળોએ તાપમાનમાં ૧થી ૩ ડિગ્રીનો ઘટાડો

રાજકોટ તા. ૧૯ઃ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર ગુજરાતમાં કાળઝાળ ગરમીમાં છેલ્લા બે દિવસથી આંશિક રાહત તવા પામી છે. પવનની ઝડપ વધુ રહેતા મહતમ તાપમાનમાં થોડો ઘટાડો થવા પામ્યો છે.

રાજકોટ શહેરમાં ગઈકાલે ૪૧.૫ ડિગ્રી સાથે ગરમીમાં થોડી રાહત રહી હતી. જોકે જુનાગઢ અને સોરઠમાં હાલ એક અઠવાડીયાથી હીટવેવ એટલે ગરમીનો પારો ઉંચો ચહતો જવાના કારણે લોકો ગરમીથી અકળાય ઉઠી ત્રાહીમામ પોકારી રહ્યા છે. છેલ્લા ત્રણ દિવસમાં ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ પહોંચી જવા પામ્યો છે. હજુ પણ



ગરમીનો પારો ૪૪ ડીગ્રીની આસપાસ પહોંચી જશે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે.

આવતા અઠવાડીયા સુધી હીટવેવ દીન પ્રતિદિન વધુને વધુ રહેશે તેવું માનવામાં આવી રહ્યું છે. વર્ષ ૨૦૧૬થી ૨૦૧૮ પછી ફરી આ વર્ષે ૨૦૨૪ રેકર્ડબ્રેક ગરમી પડી રહી છે. ભારે કાળઝાળ ગરમીના કારણે હીટવેવના કેસોમાં પેટના દુઃખાવા, ઉલ્ટી, ઝાડા સહિતના દર્દીઓમાં દિન પ્રતિદિન વધારો સરકારી તેમજ પ્રાઈવેટ દવાખાનામાં કતારો જોવા મળી રહી છે.

જયારે ગઈકાલે અમદાવાદમાં ૪૧.૬, અમરેલીમાં ૪૨.૨, વડોદરામાં ૪૧.૪, ભાવનગરમાં ૪૦.૬, ભૂજમાં ૩૯.૫, દાહોદમાં ૪૦.૨, ડાંગમાં ૪૦.૫, ડિસામાં ૪૦, દિવમાં ૩૩.૫, દ્વારકામાં ૩૧.૩, ગાંધીનગરમાં ૪૦, પોરબંદરમાં ૩૮.૨, તથા સુરેન્દ્રનગરમાં ૪૧.૮ ડિગ્રી મહતમ તાપમાન નોંધાવા પામ્યું હતું.

# રાજકોટના ભાજપ કાર્યાલયમાં તોડફોડનો પ્રયાસ : રાત્રે પોલીસના ઘાડેઘાડા ઉતારાયા

■ **૫૦ ફૂટ રિંગ રોડ, ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામેની ઘટના**




રાજકોટ. તા.૧૯: ૧૫૦ ફૂટ રિંગ રોડ, ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામે આવેલાં વિધાનસભા- ૭૧ ના મધ્યસ્થ કાર્યાલય પર ગઈ રાત્રે કારમાં આવેલા ચાર શખ્સોએ ડખો કરી તોડફોડનો પ્રયાસ કરતાં પોલીસના ઘાડેઘાડા ઉતરી આવ્યા હતાં. પ્રાથમિક તપાસમાં ચારેય શખ્સ શંકાસ્પદ હાલતમાં હોવાનું સામે આવ્યું હતું અને પક્ષ તરફથી પણ કોઈ ફરિયાદ થઈ ન હતી. જો કે, તાલુકા પોલીસે કારના નંબરના આધારે તપાસ હાથ ધરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, ૧૫૦ ફૂટ રિંગરોડ પર ફોર્ચ્યુન હોટલ પાસે આંબેડકરનગર બસ સ્ટોપ સામે આવેલ ભાજપના મધ્યસ્થ કાર્યાલય પર કાર્યકરો ચર્ચા કરી રહ્યા હતા ત્યારે રાત્રિના સમયે એક કાર ઘસી આવી હતી. જેમાં સવાર ચાર શખ્સ કારમાંથી ઉતરી સીધા જ બિલ્ડિંગમાં ઉપર ચડી ગયા હતા. આ સમયે પહેલા માળે બેલાની પાળીને પગ અડી જતાં કેટલાક બેલા નીચે પડી ગયા હતાં. તેમજ એક વ્યક્તિ શમિયાણા પર ઉતારવાનો પ્રયાસ કર્યો હતો.

બનાવની જાણ થતાં તાલુકા પોલીસ મથકના પીઆઇ ધવલ હરિપરા અને માલવીયાનગર પોલીસ મથકના પીઆઇ દેસાઈ સહિત પોલીસનો મોટો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મોડી રાતે બનેલ બનાવથી રાજકારણ પર ગરમાયું હતું. વધુમાં તાલુકા પીઆઈ ધવલ હરિપરાએ જણાવ્યું હતું કે, મોડી રાતે અજાણ્યાં ચાર શખ્સો કારમાં ઘસી આવ્યા હતાં અને ચારેય વચ્ચે કોઈ ચાવી બાબતે માથાકૂટ અને બોલાચાલી થઈ હતી. દરમિયાન ત્યાં નજીકમાં રહેલ કાચી બેલાની દિવાલ પડી ગઈ હતી. શંકાસ્પદ હાલતમાં રહેલા શખ્સોએ ભાજપના કાર્યકરો સાથે કોઈ માથાકૂટ કરી ન હતી.

માત્ર ગણતરીની મિનિટોમાં જ ચારેય શખ્સ કારમાં ફરાર થઈ ગયાં હતાં. દરમિયાન તપાસમાં આસપાસમાં કોઈ સીસીટીવી પણ ન હોવાથી તપાસ મુશ્કેલ બની હતી. પરંતુ ત્યાં હાજત લોકોમાંથી મળેલ કારના નંબરના આધારે તેઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે. વધુમાં પોલીસ સુત્રોમાંથી મળતી વિગત મુજબ, ચારેય કોઈ શંકાસ્પદ ઈરાદે આવ્યા હોવાની પૂરેપુરી શંકા સેવાઈ રહી છે. પરંતુ પક્ષ તરફથી કોઈ ફરિયાદ આપવામાં ન આવી હતી. છતાં પોલીસે તપાસ યથાવત રાખી શોધખોળ હાથ ધરી હતી.

## મનપા દ્વારા ટ્રાન્સઝેન્ડર સાથે સ્વ-સહાય જૂથની રચના અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું



રાજકોટ મનપા દ્વારા સ્વચ્છ સર્વેક્ષણ૨૦૨૪ અંતર્ગત સ્વચ્છતા માટે લક્ષ્ય ફાઉન્ડેશનનાં ઉપક્રમે ટ્રાન્સઝેન્ડરની ભાગીદારી અને લીડરશીપને મજબુત બનાવવા માટે વોર્ડ નં.૧૪નાં કેનાલ રોડ ખાતે માર્ગદર્શક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીટીંગમાં સ્વ-સહાય જૂથની રચનાથી ટ્રાન્સઝેન્ડર લોકોનું નેતૃત્વ મજબુત બને અને તેનાથી થતા ફાયદાઓથી માહિતીગાર કરવામાં આવ્યા હતા. સાથોસાથ સ્વચ્છતા અંગે માહિતી માર્ગદર્શન મળી રહે તેમજ લોકજાગૃતિ માટે તેમના કાર્યક્ષેત્રમાં લોકો સ્વચ્છતા પ્રત્યે સભાન બને તે માટે પ્રયત્નો કરવા પણ જણાવવામાં આવ્યું હતુ. જેમાં સૂકા અને ભીના કચરાના વર્ગીકરણનું માર્ગદર્શન આપી ટ્રાન્સજેન્ડરનાં સ્વ-ઉત્થાન માટે સ્વ-સહાય જુથમાં જોડાઈ શહેરને સ્વચ્છ બનાવવા માટે તેમનું યોગદાન આપવા જણાવાયું હતું.

## અમદાવાદમાં દીવાલ ધસી પડતાં દબાઈ જતાં બેના મોત, ત્રણ ઘાયલ

■ **ફાયર બ્રિગેડની ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ બચાવ કામગીરી કરી, ઘાયલોને હોસ્પિટલે પહોંચાડ્યા**



અમદાવાદ, તા.૧૯: અસારવા વિસ્તારમાં દાદા હરિની વાવ પાસે આવેલી રેલવેની દિવાલ ધસી પડતાં પાંચ લોકો દટાયા હતા. જેમાં ૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા છે. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. જોકે ફાયરની ટીમ પહોંચે તે પહેલા સ્થાનિક લોકોએ તમામ લોકોને બહાર કાઢી લીધા હતા.

જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે અન્ય ત્રણ લોકો બેભાન હાલતમાં હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા.

ફાયરબ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે, દિવાલ કેવી રીતે ધારાશાઈ થઈ અને આ લોકો દિવાલ પાસે કેવી રીતે રહેતા હતા તે અંગે હજી જાણવા મળ્યું નથી. ફાયર બ્રિગેડની ટીમ હાલમાં કાટમાળ નીચે કોઈ વ્યક્તિ ફસાયેલો છે કે કેમ તે અંગે સર્ચ ઓપરેશન કરવાની કામગીરી કરી રહી છે.

ફાયરબ્રિગેડના અધિકારીઓ ત્યાં ઘટનાસ્થળે પહોંચ્યા તે પહેલા જ સ્થાનિક લોકો દિવાલ નીચે જે દબાયા હતા તેમને બચાવવાની શરૂઆત કરી લીધી હતી.સ્થાનિક લોકોએ જે લોકો બહાર દેખાતા હતા તેમને તાત્કાલિક ખેંચી અને બહાર કાઢી લીધા હતા. ૧૦૮ એમ્બ્યુલન્સને પણ જાણ કરી દીધી હતી.

કુલ પાંચ લોકોને સ્થાનિક લોકોએ બહાર કાઢ્યા હતા. જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે ત્રણ લોકો જીવિત હાલતમાં હોવાથી તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. રેલવેની દીવાલ પાસે શા માટે આ લોકો બેઠા હતા ને ત્યાં રહેતા હતા કે કેમ તે અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

નો ફેવર, નો ફિઅર...
સામના મિરર


# સાવરકુંડલા તાલુકાના પીઠવડી ખાતે સમસ્ત બાલધા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ યોજાશે

■ **શ્રીંપંચ દશનામ જુના અખાડાના મહામંડલેશ્વર જયઅંબાનંદગીરી સહિત ભારતભરમાંથી સંતો મહંતોની ઉપસ્થિતમાં દરરોજ સંતવાણી, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે**




સાવરકુંડલા, તા. ૧૯ઃ સાવરકુંડલા તાલુકાના પીઠવડી ગામ ખાતે સમસ્ત બાળધા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષર્થે આગામી તારીખ ૨૯/૦૪ સોમવાર ચૈત્ર વદ પાંચમ થી ૦૫/૦૫ રવિવાર ચૈત્ર વદ બારસ સુધી દરરોજ સવારે ૯ થી ૧૧:૩૦ અને બપોરે ૪ થી ૬:૩૦ સુધી શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ ભાગવત સપ્તાહ યોજાશે આ સંગીતમય શૈલીમાં શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ ભાગવત પારાયણ કથા નું પૂજ્ય શાસ્ત્રીશ્રી શરદભાઈ વ્યાસ ધરમપુર વાળા રસપાન કરાવશે આતકે શ્રીંપંચ દશનામ જુના અખાડા ના મહામંડલેશ્વર અનંત વિભૂષિત પૂજ્ય જયઅંબાનંદ ગીરીજી આશિવર્ચન પાઠવવા ઉપસ્થિત રહેશે તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના ભાવિ આચાર્ય નુગેન્દ્રપ્રસાદ મહારાજ ના હસ્તે હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવશે શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ અંતર્ગત મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામ જન્મ, શ્રી કૃષ્ણ જન્મોત્સવ નંદ મહોત્સવ, ગોવર્ધન મહોત્સવ, રૂક્મણી વિવાહ વગરે ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવશે તેમજ કથા દરમિયાન સાત દિવસ સુધી પૂજ્ય ભાનુપ્રકાશ સ્વામી ગઢડા ટેમ્પલ બોર્ડ, એસ.પી.સ્વામી, શાસ્ત્રી નિર્લેપ સ્વામી બોરસદ, શાસ્ત્રી હરજીવનદાસજી સ્વામી ચેરમેન ગઢડા, પૂજ્ય વિજયબાપુ સતાધાર, નારાયણદાસ સાહેબ કબીર ટેકરી, ભક્તિરામ બાપુ માનવ મંદિર, મહામંડલેશ્વર કર્ણીરામ બાપુ દુધરેજ, પૂજ્ય કરસનદાસબાપુ પરબધામ, મહામંડલેશ્વર હરિહરાનંદ ભારથી બાપુ ભારથી આશ્રમ જૂનાગઢ, મહામંડલેશ્વર નિર્મલાબા તેમજ ભયલુબાપુ પાળીયાદ, વગેરે સમગ્ર ભારતભરમાંથી સંતો મહંતો અને મહામંડલેશ્વરો તેમજ સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ઉપસ્થિત રહેશે આ શ્રીમદ્ ભાગવત સપ્તાહ દરમિયાન દરરોજ દિવાળી બા હાઈસ્કૂલ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો, રાસગરબા, સંગીત સંધ્યા, સંતવાણી, ભજન સંધ્યા, લોક સાહિત્ય, હાસ્ય કાર્યક્રમો યોજાશે જેમાં પીઠવડી, નાના ઝીંઝુડા, મોટા ઝીંઝુડા, પીચાવા, સેંજળ, મેવસા, ધાર, ભેકરા, નાની વડાળ, ગણેશગઢ, ગાધકડા, અમૃતવેલ, મોલડી, સાવરકુંડલા વગેરે ગામો માંથી ધર્મપ્રેમી ભાઈઓ બહેનો કથા શ્રવણ કરવા પધારશે આ શ્રીમદ્ ભાગવત જ્ઞાનયજ્ઞ સપ્તાહ ની સમસ્ત બાલધા પરિવાર ના સભ્યો તેમજ વિનુભાઈ બાલધા, જયંતીભાઈ બાલધા, અશોકભાઈ બાલધા, દકુભાઈ બાલધા દ્વારા તડામાર તૈયારીઓ ચાલુ કરી દેવામાં આવી છે તેમ અમીતગીરી ગોસ્વામીની યાદી જણાવેલ છે.

# ઉનાળુ વેકેશનને ધ્યાને લઈને રાજકોટ- બરૌની અને રાજકોટ-મહબૂબનગર સ્પે.ટ્રેનો દોડશે

■ **બિહાર અને તેલંગાણા રાજ્યને જોડતી બંને ટ્રેનોનું આજથી બુકિંગ શરૂ**

રાજકોટ, તા.૧૯ મુસાફરોની સુવિધા માટે, પશ્ચિમ રેલવેએ રાજકોટ-બરૌની (બિહાર રાજ્ય) અને રાજકોટ-મહાબૂબનગર (તેલંગાણા રાજ્ય) વચ્ચે વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. આ સ્પેશિયલ ટ્રેનોની વિગતો નીચે મુજબ છે.

૧. ટ્રેન નંબર ૦૯૫૬૯/૦૯૫૭૦ રાજકોટ-બરૌની સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રીપ્સ) ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ રાજકોટથી ૨૬ એપ્રિલ ૨૦૨૪ થી ૨૮ જૂન ૨૦૨૪ સુધી દર શુક્રવારે રાજકોટ થી ૧૨.૫૦ કલાકે ઉપડશે અને રવિવારે ૩.૩૦ કલાકે બરૌની પહોંચશે. તેવી જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૦ બરૌની-રાજકોટ સ્પેશિયલ ૨૮ એપ્રિલ ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ દરમિયાન દર રવિવારે બરૌનીથી ૧૩.૪૫ કલાકે ઉપડશે અને મંગળવારે ૦૫.૫૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશા માં આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, છાયાપુરી, રતલામ, શામગઢ, ભવાની મંડી, કોટા, સવાઈ માધોપુર, ગંગાપુર સિટી, બયાના, ફતેહપુર સીકરી, આગ્રાનો કિલ્લો, ટુંડલા, ગોવિંદપુરી, પ્રયાગરાજ, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, અરાહ, દાનાપુર, પાટલીપુત્ર અને હાજીપુર સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે.૨. ટ્રેન નંબર ૦૯૫૭૫/૦૯૫૭૬ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ (સાપ્તાહિક) (૨૦ ટ્રીપ્સ) ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલ ૨૨ એપ્રિલ ૨૦૨૪ થી ૨૪ જૂન ૨૦૨૪ દરમિયાન દર સોમવારે ૧૩.૪૫ કલાકે રાજકોટથી ઉપડશે અને બીજા દિવસે ૧૯.૩૫ કલાકે મહેબુબનગર પહોંચશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૫૭૬ મહબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ૨૩ એપ્રિલ ૨૦૨૪ થી ૨૫ જૂન ૨૦૨૪ દરમિયાન દર મંગળવારે મહબૂબનગરથી ૨૧.૩૫ કલાકે ઉપડશે અને ગુરુવારે ૦૫.૦૦ કલાકે રાજકોટ પહોંચશે. આ ટ્રેન બંને દિશામાં વાંકાનેર, સુરેન્દ્રનગર, અમદાવાદ, નડિયાદ, આણંદ, વડોદરા, સુરત, નંદુરબાર, જલગાંવ, ભુસાવલ, અકોલા, વાશીમ, હિંગોલી, બસમત, પૂર્ણા, નાંદેડ, મુદખેડ, ધર્માબાદ, બસર, નિઝામાબાદ, કામરેડ્ડી, મેડચલ, કાચીગુડા, શાદનગર અને જડચરલા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર ક્લાસ અને સેકન્ડ ક્લાસ જનરલ કોચ હશે. ટ્રેન નંબર ૦૯૫૬૯ રાજકોટ-બરૌની સ્પેશિયલ અને ટ્રેન નંબર ૦૯૫૭૫ રાજકોટ-મહબૂબનગર સ્પેશિયલનું બુકિંગ ૧૯ એપ્રિલ, ૨૦૨૪ થી તમામ PRS કાઉન્ટર અને IRCTC વેબસાઇટ પર ખુલશે. ટ્રેનોના સ્ટોપેજ, સમય અને કમ્પોઝિશન સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.inની મુલાકાત લઈ શકે છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# ધોરાજી બેંક ઓફ બરોડાશાખા માંથી ગ્રાહકની નજર ચુકવી રોકડ રૂ.૧,૦૦,૦૦૦ની ચોરી કરી

■ **ગુનાને અંજામ આપતી મધ્યપ્રદેશની મહિલા ગેંગને જુનાગઢથી ગણતરીની કલાકોમાં ઝડપી પાડતી ધોરાજી સીટી પોલીસ**



તસવીરઃ વિમલ સોંદરવા ધોરાજી

ધોરાજી, તા. ૧૯ઃ ધોરાજીના પોલિસી ઈન્સ્પેક્ટર રવિ ગોધમ એ માહિતી આપતા જણાવેલ કે ગઈ તારીખ ૧૮/૦૪/૨૦૨૪ ના રોજ સવારના આ કામના ફરીયાદી પોતે ખેતીના ધીરાણની ફેરબદલી માટે બેંક ઓફ બરોડા ધોરાજી શાખામાં રોકડા રૂ.૧,૦૦,૦૦૦/- ઉપાડેલ ત્યારબાદ ફરીયાદી બેંક પાસબુક પ્રિંટ માટે લાઇનમાં ઉભા રહેલ ત્યારે ફરીયાદી પાછળ ઉભેલ બે અજાણી મહિલાઓએ ફરીયાદી ની થેલીમાંથી રોકડ રકમ રૂ.૧,૦૦,૦૦૦/- ચોરી કરી લઇ જતા ધોરાજી સીટી પોલીસ સ્ટેશન ખાતે આવી પોતાની ફરીયાદ લખાવતા ગુનો રજી. થયેલ હોય.

ઉપરોક્ત બનાવની ગંભીરતાને ધ્યાને લઈ રાજકોટ રેન્જના પોલીસ મહાનિરીક્ષક અશોકકુમાર યાદવ ની સુચના તથા નાયબ પોલીસ મહાનિરીક્ષક રાજકોટ ગ્રામ્ય શ્રી જયપાલસિંહ રાઠૌડ તથા નાયબ પોલીસ અધિક્ષક આર.એ.ડોડીયા , જેતપુર વિભાગ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ ઉપરોક્ત બનાવમા સંડોવાયેલ અજાણી મહિલા આરોપીઓને તાત્કાલીક પકડી પાડવા સખત સુચના કરવામાં આવેલ જે અંગે ધોરાજી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આર.જે.ગોધમ નાઓએ તાત્કાલીક ધોરાજી સર્વેલન્સ ટીમના પો.સ.ઈ. પી.કે.ગોહિલ તથા પો.હેડ કોન્સ. અશોકભાઇ ગોહેલ તથા પો.કોન્સ. લાખુભા રાઠોડ તથા તથા પો.કોન્સ. શક્તિસિંહ જાડેજા તથા પો.કોન્સ. યોગેશભાઇ બાલાસરા તથા વુ.પો.હેડ.કોન્સ.મીરાબેન ડાંગર એમ ધોરાજી સીટી પોલીસ સ્ટેશનની ટીમને તાત્કાલીક આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ.

ઓફ બરોડા ધોરાજીથી લઈ જુનાગઢ ભવનાથ વિસ્તાર તથા હોટેલ ગેસ્ટ હાઉસ ચેક કરતા ધોરાજી સીટી પોલીસ સ્ટેશન સર્વેલંસ ટીમને સંયુક્ત રાહે બાતમી હકીકત મળેલ કે ચોરીની ઘટનાને અંજામ આપી મધ્યપ્રદેશની મહિલા ગેંગ ચોરીથી મેળવેલ નાણાંની ભાગબટાઇ કરીને જુનાગઢથી મધ્યપ્રદેશ ફરાર થવાની તૈયારીમાં જુનાગઢ રેલ્વે સ્ટેશન ખાતે હોય જેથી જુનાગઢ રેલ્વે પોલીસના વુ.પો. સબ.ઈન્સ. પી.કે. વારોતરીયા તથા તેમના સ્ટાફને સાથે રાખી મહિલા આરોપીઓને રોકડ રૂ. ૧,૦૦,૦૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૦૩ સાથે ધોરાજી સીટી પો.સ્ટે એ-પાર્ટ ઈંડઈ ક. ૩૮૦,૧૧૪ મુજબના કામે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

પકડાયેલ મહિલા આરોપીઓ -

(૧) રાધિકાબેન વા/ઓ ચેતનભાઇ સીસોદિયા ઉ.વ.-૨૪, ધંધો-મજુરી, રહે.કડિયા સાસી, તા.પચોર, જી.રાજગઢ, મધ્યપ્રદેશ,

(૨) મમતાબેન વા/ઓ આશિષભાઇ સીસોદીયા ઉ.વ.૩૦, ધંધો-મજુરી, રહે.કડિયા સાસી, તા.પંચોરી, જી.રાજગઢ, મધ્યપ્રદેશ,

(૩) માલતીબેન વા/ઓ ધર્મેન્દ્રસિંહ સીસોદીયા ઉ.વ.-૩૫, ધંધો-મજુરી, રહે.કડિયા સાસી, તા.પચોર,જી.રાજગઢ, મધ્યપ્રદેશ,

(૪) અનુરાધા વા/ઓ પ્રદીપભાઇ સીસોદીયા ઉ.વ.-૩૪, ધંધો-મજુરી, રહે.કડિયા સાસી, તા.પચોર, જી.રાજગઢ, મધ્યપ્રદેશ,

(૫) સ્વેતાબેન વા/ઓ માધવસીંગ સીસોદિયા ઉ.વ.-૩૦, ધંધો-મજુરી, રહે.કડિયા સાસી, તા.પચોર, જી.રાજગઢ, મધ્યપ્રદેશ વાળી ૫ મહિલાઓને તેમજ જુનાગઢ પોલીસની મદદથી પોલીસ ઇન્સ્પેક્ટર આર.જે ગોધમ એ

# ધોરાજીના જમનાવડ રોડ પર પાણી પ્રશ્ને મહિલાઓ આક્રોશિત

■ **નગરપાલિકા વિરુદ્ધ નારાબાજી અને ચૂંટણીમાં મતદાન બહિષ્કાર ની ચીમકી**



ધોરાજી, તા. ૧૯ઃ ધોરાજીના જમનાવડ રોડ પર છેલ્લા કેટલાક સમયથી અનિયમિત પાણી વિતરણ થતું હોવાના કારણે આ વિસ્તારના રહીશો ભારે હાલાકી ભોગવી રહ્યા છે અને ઉનાળાના સમયમાં ધૂમ ધકતા તાપમાન મહિલાઓએ પાણી માટે વલખા મારવી પડે તેવી સ્થિતિ સર્જાય છે આમ પણ ધોરાજી નગરપાલિકા દ્વારા દર ચારથી પાંચ દિવસે પાણી વિતરણ થાય છે અને તેમાં પણ જો અનિયમિતતા અથવા તો ખામી સર્જાય તો ચારને બદલે આઠ દિવસે પાણી આવે છે જમનાવટ રોડ પર મારુતિ નગર અને આસપાસની સોસાયટીમાં અનિયમિત પાણી આવતું રહેતું હોવાથી મહિલાઓ ઉગ્ર રોષ સાથે સોસાયટીમાં એકત્રિત થઈ પોતાનો રોષ અને પોતાની વ્યથા મીડિયા કર્મીઓ સામે ઠાલવી હતી અને એકત્રિત થયેલ મહિલાઓએ જણાવ્યું હતું કે અમે અનેક વખત ધોરાજી નગરપાલિકામાં રજૂઆત કરી છે અને જે જગ્યા પર થી પાણી સપ્લાય થાય છે ત્યાં પણ અમે રૂબરૂ જઈ પાણી નિયમિત કરવા બાબતે રજૂઆતો કરી ચૂક્યા છીએ પરંતુ અમારી રજૂઆત પર નગરપાલિકા કોઈપણ પ્રકારનું ધ્યાન આપતી નથી આથી હવે આગામી લોકસભાની ચૂંટણી આવી રહી છે જેમાં જમનાવડ રોડ અને રોડ પર આવેલી વિવિધ સોસાયટીઓ ના રહીશો મતદાન થી અલિપ્ત રહેશે અને ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરશે તેવી સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી હતી.

# ઈઝરાયલ - ઈરાન ટેન્શન ચરમ પર : ઈઝરાયલે આજે ઈરાન ઉપર કર્યો મિસાઈલ હુમલો

## અનેક શહેરો ધણધણી ઉઠયા : ઈરાનના ઈસાફાનનાં એરપોર્ટ ઉપર વિસ્ફોટો સંભળાયા



### ઈરાનના પરમાણુ શસ્ત્રો એ વિસ્તારમાં છે : સમગ્ર ઈરાનમાં ફ્લાઈટો કેન્સલ : સમગ્ર પશ્ચિમ એશિયામાં વધશે તનાવ

વોશીંગ્ટન, તા.૧૯ઃ તાજેતરમાં ઈરાને ઈઝરાયેલ પર મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. હવે સમાચાર આવ્યા છે કે ઈઝરાયેલે પણ જવાબી કાર્યવાહી કરીને ઈરાન પર મિસાઈલોથી હુમલો કર્યો છે. અમેરિકન મીડિયાએ ટોચના અમેરિકન અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે. ઈરાનના એરપોર્ટ પર જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. ઈરાનની ફાર્સ ન્યૂઝ એજન્સીએ પણ દાવો કર્યો છે કે ઈરાનના શહેર ઈસ્ફાનના એરપોર્ટ પર વિસ્ફોટનો અવાજ સંભળાયો છે. જો કે વિસ્ફોટનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. નોંધનીય છે કે ઈરાનના ઘણા પરમાણુ મથકો ઈસ્ફાન પ્રાંતમાં સ્થિત છે, જેમાંથી ઈરાનમાં યુરેનિયમ સંવર્ધનનું મુખ્ય કેન્દ્ર પણ અહીં સ્થિત છે. અમેરિકન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ઈરાનના એરસ્પેસમાં ઘણી ફ્લાઈટ્સના રૂટ બદલવામાં આવ્યા છે.

હુમલા બાદ ઈરાને તેની એરસ્પેસ બંધ કરી દીધી છે. ઈરાની સોશિયલ મીડિયા પર પોસ્ટ કરાયેલા ફૂટેજમાં ઈમામ ખોમેની ઈન્ટરનેશનલ એરપોર્ટ પર જાહેરાત કરવામાં આવી રહી છે, જેમાં મુસાફરોને કહેવામાં આવ્યું છે કે તમામ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મુસાફરોને એરપોર્ટ છોડી દેવા માટે કહેવામાં આવ્યું છે. આ સિવાય તેહરાન આવતા વિમાનોને પણ ડાયવર્ટ કરવામાં આવ્યા છે. સરકારી IRNA ન્યૂઝ એજન્સીના અહેવાલ અનુસાર, ઈસ્ફહાન શહેર નજીક વિસ્ફોટ બાદ ઈરાનની એર ડિફેન્સ બેટરી સક્રિય થઈ ગઈ હતી.

તાજેતરમાં ઈરાને ઈઝરાયેલ પર ૩૦૦ થી વધુ મિસાઈલ અને ડ્રોનથી હુમલો કર્યો હતો. જો કે, આ મિસાઈલો અને ડ્રોન ઈઝરાયલના એર ડિફેન્સમાં પ્રવેશી શકયા નથી. વાસ્તવમાં દમાસ્કસમાં ઈરાનના દૂતાવાસ પર હુમલો થયો હતો. આ હુમલામાં ઈરાનની સેનાના બે ટોચના કમાન્ડર સહિત સાત લોકો માર્યા ગયા હતા. ઈરાને આ હુમલા માટે ઈઝરાયેલ પર આરોપ લગાવ્યો હતો. આ હુમલાના જવાબમાં ઈરાને ઈઝરાયેલ પર હુમલો કર્યો. હુમલા બાદ ઈરાને ચેતવણી આપી હતી કે જો ઈઝરાયેલ તેમના પર હુમલો કરશે તો તેઓ વધુ તાકાતથી જવાબ આપશે.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના તણાવનો આ મુદ્દો સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં પણ ઉઠાવવામાં આવ્યો હતો. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની બેઠકમાં ઈઝરાયલે ઈરાનની સેનાને આતંકવાદી સંગઠન જાહેર કરવાની માંગ કરી હતી. આ સાથે જ ઈરાને ઈઝરાયેલને ચેતવણી આપી હતી કે જો તેણે ઈરાન પર હુમલો કરવાનો પ્રયાસ કર્યો તો તેના પરિણામો ગંભીર આવશે. ઈરાને અમેરિકાને પણ ચેતવણી આપી હતી કે તે બંને દેશો વચ્ચે ન આવે. યુએન સેક્રેટરી જનરલે બંને દેશોને આ મામલાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માટે અપીલ કરી હતી કારણ કે પશ્ચિમ એશિયા બીજા યુદ્ધનો સામનો કરવાની સ્થિતિમાં નથી. ઘણા નિષ્ણાતોએ આશંકા વ્યક્ત કરી છે કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધ બાદ ઈઝરાયેલ-ઈરાન તણાવ સમગ્ર આરબ ક્ષેત્રમાં તણાવ વધી શકે છે.

# કાર ભાડે લઈ પરત નહિ કરવાનું કૌભાંડ, ૫ વાહન જપ્ત, ૨૦ કાર કબજે કરવા કવાયત

### રાજકોટ ક્રાઈમબ્રાંચ અને માળીયા પોલીસે સંયુક્ત રીતે શરૂ કરી કાર્યવાહી દોઢ મહિના પહેલા ભાડેથી આપેલી કાર પરત ન કરાતા મામલો પોલીસમાં પહોંચ્યો

શહેરમાં કાર ભાડે લઈ ગયા બાદ પરત નહિ કરવાના તેમજ અન્યને વેચી દેવાના સમયાંતરે બનાવો પ્રકાશમાં આવતા રહે છે. ત્યારે ગુરુવારે રાજકોટના તાલુકા પોલીસ મથકમાં મવડી ગામના હાર્ડવેરના ધંધાર્થીએ કોઠારિયાના આકાશ ઉર્ફે અક્કી પટેલ અને જામનગરના બિલાલશા હશનશા શાહમદાર નામના શખ્સોને દોઢ મહિના પૂર્વે ભાડે આપેલી રૂ.૨૦ લાખના કિંમતની કાર આજ દિવસ સુધી પરત નહિ કરતા ફરિયાદ નોંધાવી હતી. ભાડે કાર લઈ ગયા બાદ ભાડું કે વાહન પરત નહિ કરી વિશ્વાસઘાતના વધી રહેલા બનાવને પગલે તપાસમાં ક્રાઈમ બ્રાંચની ટીમે ઝંપલાવ્યું હતુ. પોલીસ તપાસ દરમિયાન આકાશ ઉર્ફે અક્કી અને બિલાલશાએ આ રીતે અનેક લોકોની મોંઘી મોટરકારો ભાડે લેવાના બહાને છેતરપિંડી કરી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી તપાસ શરૂ કરતા મોરબી પંથકમાંથી બેલડીએ કળા કરી મેળવેલી પાંચ કારને કબજે કરવામાં સફળતા મળી હતી. પોલીસની તપાસ જેમ જેમ આગળ વધતા ઢગ બેલડીએ અંદાજિત પાંચેક કરોડના કિંમતની મોટરકારો ભાડે મેળવ્યા બાદ ઠગાઈ કર્યાની વિગતો જાણવા મળી હતી. ક્રાઈમ બ્રાંચના પીઆઈ ગોંડલિયાએ પણ આ બનાવને સમર્થન આપ્યું છે અને હજુ છેતરપિંડીથી મેળવેલી અનેક મોટરકારો મળવાની સંભાવના છે. ક્રાઈમ બ્રાંચે બે અલગ અલગ ટીમો બનાવી મોટરકાર કબજે કરવા તેમજ આરોપી બેલડીને સકંજામાં લેવા દોડધામ શરૂ કરી છે. ઠગ બેલડી સકંજામાં આવ્યા બાદ બંનેએ આચરેલા કૌભાંડો પ્રકાશમાં આવશે તેમજ તેમની સાથે અન્ય કોની કોની સંડોવણી છે તે બહાર આવશે તેમ પોલીસ સૂત્રે જણાવ્યું છે.

**પધારો... પધારો... પધારો...**



# ભુરખીયા દાદાના દર્શને

ધર્મપ્રેમી દર્શનાર્થી ભાઈઓ - બહેનો, વડીલો માતાઓ સૌને
જયશ્રી રામ, જય બજરંગ બલી
જય ભુરખીયા દાદા
દર વર્ષની જેમ આ વર્ષે પણ ભુરખીયા દાદાના દરબારમાં જઈ રહેલા સર્વે પદયાત્રીઓ માટે કેમ્પનું ભવ્યાતિભવ્ય આયોજન કરેલ છે.
આ કેમ્પ અમરેલીથી લાઠી જતા રસ્તામાં ૮ કિ.મી. રોડ ઉપર B.N.D. ENERGY PVT LTD આવે છે. જ્યાં ગરમા ગરમ સ્પે. પાંઉભાજી, પુલાવ, ગુલાબજાબુ, ઠંડી છાસ, ઠંડા ગોલા, ઠંડી સોડા, ઠંડા તરબુચ ફરસાણ ઈટાલીયન ફુજ નો પ્રસાદનો કેમ્પ રાખેલ છે.

**તારીખ : ૨૨-૪-૨૦૨૪, સોમવાર ને**
**સમય :- સાંજે ૭-૦૦ થી ૧૧-૦૦ કલાકે.**
**સ્થળ :- B. N. D. ENERGY PVT LTD, ડો. કલામ સ્કૂલની પાસે, લાઠી રોડ,**

**આપને આવકારવા ઉત્સુક**
**સાગરભાઈ દોશી**
**અમિતભાઈ પટેલ**
**મિતેષભાઈ કલ્યાણી**
**મંગલભાઈ શાહ**
**હિરેનભાઈ સાકરીયા**

**લોકેશન જોવા માટે અહી કલીક કરો**



**કોઈપણ આકસ્મીક સમયે એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ**

**Mo. 9824499575 Mo. 9824391011**

પ્રિન્ટ : SK કોમ્પ્યુટર, જસદણ મો. ૯૯૦૪૧ ૧૯૬૮૦

# ઓલમ્પસ હોસ્પિટલ સાથે મેનેજર દ્વારા રૂ. ૩૭ લાખની છેતરપિંડી : ધરપકડ

## દવાના ખરીદ–વેચાણના સ્ટોકમાં ગોલમાલ કરી કૌભાંડ આચર્યું હતું

શહેરમાં વિધાનગર મેઈન રોડ પર ઓલમ્પસ હોસ્પિટલમાં તેના જ મેનેજરે રૂ.૩૭ લાખની છેતરપિંડી આચર્યાની ફરિયાદ કરતા એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી તેની પાસેથી રોકડ કબજે કરવા તેના રિમાન્ડ મેળવવા મથામણ કરી હતી.




પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ શ્રોફ રોડ પર ચાણકય એપાર્ટમેન્ટમાં રહેતા અને ઓલમ્પસ હોસ્પિટલમાં ડાયરેક્ટર મિહિરભાઇ પ્રફુલભાઇ તન્નાએ ફરિયાદ કરી હતી જેમાં આરોપી તરીકે તેની હોસ્પિટલમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે નોકરી કરતા યશેષ રાજેશભાઇ શેઠનું નામ આપ્યું હતું. ફરિયાદમાં જણાવ્યું હતું કે, તા. ૧૦ના રોજ યશેષ તેની બેગ લઈને જતા હોય જેથી શંકા જતા તેને દવાઓ લઈને કયા જાવ છો તે અંગે તેને પૂછતાછ કરતા તેને આ દવાઓ એકસપાયરી થયેલ હોવાનું અને ડીલરને પરત કરવા જતા હોવાનુ જણાવતા જેથી તેને અન્ય સ્ટાફને દવાઓ ચેક કરી તેને ડીલરને ફોન કરી વાત કરી તપાસ કરતા આરોપી મેનેજર બારોબાર દવાઓ મંગાવી વેચતો હોવાનું અને એક્સપાયર દવાઓ નુકસાનીમાં બતાવી છેતરપિંડી કરતો હોવાનું બહાર આવતા આરોપીની પૂછતાછમાં કોઈ સંતોષકારક જવાબ નહી આપતા તેમજ તેને અચાનક નોકરીમાંથી રાજીનામુ આપી દઈ નોકરીના સમયમાં તેને રૂ.૩૭ લાખની છેતરપિંડી કર્યાનુ જણાવતા પીએસઆઇ મોવલિયા સહિતના સ્ટાફે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી.










નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper











ડિજિટલ ભારતની સાથે
તમે પણ બનો ડિજિટલ...

તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...

મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા
વોટ્સએપ પર
Hi લખીને મોકલો
98983 17826
અને જોડાઇ જાવ અમારી સાથે...

સુખનું સરનામું હવે બનશે ટાગોર રોડ પર

Book Your Profit Here...

SHUKAN POINT

Shops - Showrooms
Offices - Terrace Offices




91191 95495
ભક્તિનગર સ્ટેશન પ્લોટ મેઈન રોડ, રાજકોટ.

You Deserve The Best

PACIFIC PLAZA

SHOPS I SHOWROOMS
TERRACE OFFICES



નાનામવા મેઈન રોડ, બીઝનેસ ટર્મીનલની બાજુમાં, ભગવતી ડેન્ટલ ક્લીનીકની સામે, રાજકોટ.

89303 72303
89303 75303

સાધુવાસવાણી રોડ અને પાટીદાર ચોક થી નજીક

Plan your FUTURE with us

WEST VIEW

2 BHK | 3 BHK | 4 BHK

LUXURY APARTMENTS
with
SHOPS - SHOWROOMS



73597 00303 I 76985 00303
પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, નંદનીકેતનની સામે,
સોપાન હેબિટેટની સામે, રાજકોટ.

@ કોઠારીયા 80 ફૂટ મેઈન રોડ,
80/25 રોડના કોર્નરનો ફુલ્લી કોમર્શિયલ પ્રોજેક્ટ

દુકાનો | શો-રૂમ | ઓફિસ

Ready Possession

SARDAR ARCADE



કોઠારીયા મેઈન રોડ, 80 ફૂટ મેઈન રોડ, સરદાર ચોકથી નજીક, રાજકોટ.

: 99043 48013 I 99043 48014

- 200 sq ft with attached toilet and wash basin 2 nd floor Shop no 24 Road side view
- Atlantis hills Near Ramdevpir chowkdi
- Rent 10000 Advance 2 deposit lift and general toilet available
- 11 months agreement compulsory

Contact- 9725078721

મધુવન કોચિંગ ક્લાસીસ સંભાળી શકે તેવા સ્ટાફની જરૂરીયાત છે.

રૂબરૂ મળવાનો સમય સોમવારથી મંગળવાર સવારે ૧૦ થી ૧૨ અને સાંજે ૪ થી ૬

ધોરણ ૧૦-૧૨ બાદ યુપીએસસી અને જીપીએસસીના કોચિંગ ક્લાસ સંભાળી શકે તેવાં ઉત્સવાહસ કોચની જરૂર છે. આકર્ષિક પગાર

Mo.80000 11119

ADDRESS: B,210 AALP, LIMDA CHOK RAJKOT

નાગેશ્વરમાં કસમાં પ્લોટ વેચવાનો છે પાણીના સંપની પાછળ 490 વાર 25000 ભાવ

Mo.9898317826

AM TRADING

# *લાઈફ ટાઈમ ડિમેટ એકાઉન્ટ ફ્રી


## ફ્રી એડવાઈઝરી

| | |
|---|---|
| EQUITY STOCK | IPO/SME IPO |
| OPTION TRADING | NIFTY BANK NIFTY |
| COMODITY | CURRANCY |

દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ
QR CODE SCAN કરીને જોઈન કરો.

**Mayuri Medam : 63555 17630**

AM trading am_trading71


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062